શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

સપ્ટેમ્બર - ૨૦૦૬'

## દંભની દાહકતા

અખિલ બ્રહ્માંડમાં જ્યાં આ વિશાળ પૃથ્વી રાઈના દાણા જેવી લઘૂ ગણાતી હોય પૃથ્વીને પ્રકાશ પ્રદાન કરનાર સૂર્યથી યે તેજસવી સૂર્ય જ્યાં ગગનમાં ઘૂમતો હોય ત્યાં શ્વાસને તાંતણે બંધાયેલા નશ્વર માનવ-જીવનની શી વિસાત ? અને જ્યાં મનુષ્યનું અસ્તિત્વજ ન ગણ્ય ગણાતુ હોય ત્યાં એના પાર્થિવ ઘમંડનું પણ શું મહત્વ ?

દંભનો પડદો ચિરાય છે અને અંતે દંભ તથા દંભીનું પતન થાય છે. દાનવ હો કે માનવ સુર હો અપ્સરા ગર્વની પાંખે ઉડનારા સૌ કોઈને પટકાવું પડે છે. ઘમંડી વ્યક્તિની એક ખાસયિત છે કે પોતે તો ઘમંડ કરે છે પરંતુ અન્યના ઘમંડને એ સહી શકતો નથી. બીજાના ઘમડ પ્રત્યે એની દ્રષ્ટિ તિરસ્કારપૂર્ણ હોય છે. મનુષ્યની ઘણી બધી ભૂલોના મૂળમાં તેનું ઘમંડ જ કામ કરતું હોય છે. ખરુ સુખ અત્યંત સસ્તુ હોય છે. છતાંય ઘમંડના પ્રલોભનમાં સપડાઈ આપણે સૌ નકલી સુખ ખરીદવા માટે કેટલી ઉંચી કિંમત ચૂકવવા તેયાર થઈએ છીએ.

- સંકલન

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત ટેલીફોન ડીરેકટરી ૧૦ મી આવૃત્તિ

**કુટુંબના વડા તથા પરિણીત પુત્રોના ફોર્મ ઝેરોક્ષ કરી અલગ ભરવા.**

**Vasti Patrak No. ................................**

---

**Surname** **First Name** **Middle Name** **Nick Name** (ખીજ)

**Resident Tele No.-** (1) ------------------------ (2) ------------------------

**Office Tele No.-** (1) ------------------------ (2) ------------------------

**Mobile No. -** (1) ------------------------ (2) ------------------------

(Husband)------------------------ (Wife/Son/Any one) ------------------------

**Email No. -** (1) ------------------------------------------------

**Note :** Form must be filled in English with good handwritting

બહારની નાતમાં પરણેલી છોકરીએ પિતાનું નામ લખવું જરૂરી છે.

ઉપર આપેલી વિગત મારી જાણ મુજબ બરાબર છે. એમાં થયેલી ભુલ માટે સંસ્થા જવાબદાર રહેશે નહી.

**નોંધ : તા. ૨૫.૯.૦૬ પહેલા ફોર્મ ભરી મોકલી આપવા વિનંતી.**

**બાલાસિનોર, બહારગામ અને આઉટ ઓફ ઈંડિયામાં વસતા બાલાસિનોરવાસીઓના ટેલીફોન નંબર આ આવૃત્તિમાં પ્રકાશીત થશે. એની વિગત મોકલી આપવી,**

**કુટંબના વડાની સહી**

**કન્વીનર : હેમેન્દ્ર રમણલાલ શાહ : ૨૮૦૫૦૭૩૫/૯૮૨૦૦૧૧૫૮૬** **સેક્રેટરી : પ્રદીપ પ્રવિણાચંદ્ર કડકીયા : ૨૨૦૧૮૩૨૬**

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૬ | ૧૪-૯-૨૦૦૬ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

⁂

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

⁂

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**




# હસ્ત મેળાપથી હૃદય મેળાપ સુધી



**તંત્રી સ્થાનેથી**

આપણું જીવન વિસ્મયોથી ભરેલું છે. રોજ જીવનમાં નહી ધારેલી ઘટનાઓ ઘટતી હોય છે, નહી ધારેલા મુકામે માનવી પહોંચતો હોય છે, નહી ધારેલા માણસોના પરિચયમાં આવતો હોય છે. કાળા માથાનો માણસ ભલે પોતાના ગુમાનમાં રાચતો હોય, પોતાની રીતે પોતાના ધાર્યા પ્રમાણેનું જીવન જીવવાની આશા રાખતો હોય પણ પેલા મોટા ડીરેકટર રોજ જીવનનું એક એક નવું પાનુ ખોલતો જાય છે અને એ મુજબનું નાટક આપણે જીવન તખ્તા પર ભજવવું પડે છે.

આતો થઈ આપણી રોજીંદી ઘટનાઓની વાત પણ સૌથી મોટા જીવનના સસ્પેન્સ એટલે માનવીનું જીવન બદલી નાખનાર વ્યક્તિઓનું આગમન. થોડું નાનું સસ્પેન્સ એટલે પ્રસુતિ પછી બાળકનું આગમન. એ છોકરો હશે કે છોકરી, કેવું હશે ? હેલ્થી કે નબળું ? ગોરું કે કાળું ? મોઢું કોના જેવું દેખાતું હશે ? એકલું હશે કે જોડીમાં હશે ? પરંતુ મારા મત મુજબ જીવનનું સૌથી મોટું સસ્પેન્સ એટલે જીવનસાથી. વીસ બાવીસ વર્ષ સુધી જે વ્યક્તિને આપણે ઓળખતા પણ ના હોઈએ, મળ્યા પણ ના હોઈએ કદાચ. એની સાથે દુનિયાની કોઈપણ વ્યક્તિ કરતાં વધુ નીકટ રહીને બાકીની જીંદગી વિતાવી દેવાની છે.

આ જીવનસાથી કેવો હશે કે કેવી હશે નું સસ્પેન્સ ખુલવાની રાહ આપણે સમજણાં થઈએ ત્યારથી જોતાં હોઈએ છીએ. છોકરીઓ મનમાં પોતાના સ્વપ્નનો રાજકુમાર કેવો હશે એની કલ્પના કરતી થઈ જાય છે. ઉંચો, હેન્ડસમ, સારી પર્સનાલીટી ધરાવતો હશે, ગાડી, ફ્લેટ અને સુખી સંપન્ન કુટુંબ હશે, ભણેલો ગણેલો અને મોટો બિઝનેસમેન હશે. જે મને હથેળીમાં રાખીને ફુલની જેમ સાચવશે અને મને, અને ફક્ત મને પ્રેમ કરતો હશે. છોકરાઓ વળી કોઈ રૂપસુંદરીના સ્વપ્ના જોતા હોય. સ્માર્ટ, સ્લીમ, સુંદર, ઈન્ટેલીજન્સ હોય. કાર્યેસુ મંત્રી, શયને સુ રંભા અને ભોજયે સુ માતા હોય. આવા રાજકુમાર અને રૂપસુંદરી ને શોધતી બે વ્યક્તિઓ જ્યારે લગ્નગ્રંથી થી જોડાય ત્યારે પોતાની મીસ્ટર પરફેકટ અને મીસ પરફેકટની શોધ પુરી થતી લાગે. થોડું ઘણું ખુટતું હોય એ એડજસ્ટ કરવાનો પ્રયત્ન કરાય. એકબીજાને અનુકુળ થવાની ભાવના પ્રબળ હોય, આમ બન્ને એકબીજાના જીવનમાં ગોઠવાઈને જીવનની બીજી ઈનીંગનો પ્રારંભ કરે છે. છોકરાઓ બહારની દુનિયામાં પોતાનું સ્થાન બનાવવાનો અને પૈસા કમાવાનો સંઘર્ષ શરૂ કરે છે. નવી નવી વ્યક્તિઓના પરિચયમાં આવીને નવું નવું શીખે છે. દુનિયાનો અનુભવ મેળવીને એના વિચારોમાં એની સમજણમાં, એના જ્ઞાનમાં વધારો અને પરિવર્તન આવે છે. જીવન પ્રત્યેનો, માનવી પ્રત્યેનો અભિગમ બદલાય છે. સફળતા મળે એનો નશો અને નિષ્ફળતા મળે એનો વિશાદ એના મન ઉપર ઉંડી અસર કરતો જાય છે. કુટુંબ માટેનો પોતાના જીવનસાથી પ્રત્યેનો પ્રેમ, એમના પ્રત્યેની જવાબદારીમાં પરિવર્તિત થાય છે. કુટુંબ સાથે વિતાવાતો સમય ટુંકાતો જાય છે. પોતે એડજસ્ટ થાય એના કરતાં પત્ની કેમ એડજસ્ટ ના થાય? નો અહમ ઘુંટાતો જાય છે. પોતાના રસ રૂચિ બદલાય તો પત્નીએ પણ એ પ્રમાણે બદલાવું જોઈએ એવી આશા રાખે છે. પોતાને બુધ્ધિશાળી, અનુભવી અને હોંશિયાર સમજતો પતિ પોતાની સાથે પત્ની પણ પોતાના જેટલી જ સ્માર્ટ થાય એવી આશા રાખતો હોય છે (કોઈ કિસ્સામાં ઉલટું પણ હોય)

સામે પક્ષે સ્ત્રીઓ નવા કુટુંબમાં આવીને ઘરના બધાને એડજસ્ટ થવા પ્રયત્ન કરતી હોય છે. નવી જીવન શૈલી, નવા વિચારો, નવા રિવાજો, નવા લોકોને, એ પતિના જીવનમાં સ્થાન પામવા માટે અપનાવતી જાય છે. ઘરકામ, રસોડું, બાળકોનો ઉછેર, પતિની જરૂરિયાતો, સામાજીક જવાબદારી નીભાવતાં નીભાવતાં સ્ત્રી પણ બદલાતી જાય છે. એના રસ રૂચિ પણ બદલાય છે અને જ્યારે આ બધું કર્યા છતાં પણ માન ન મળે, કદર ન થાય, આર્થિક કે બૌધિક રીતે સ્વતંત્રતા ન મળે અને ખાસ તો એના પ્રત્યેની લાગણીની અભિવ્યક્તિ ન થાય ત્યારે એનું મન બળવો પોકારી ઉઠે છે.

આમ હસ્તમેળાપ વખતે એકમેકના હૃદય સુધી પહોંચવાના કોલ ભુલાઈ જાય છે. લગ્ન સુખ જેટલું આલ્બમમાં દેખાય એટલું જીવનમાં દેખાતું નથી. વાતો, ઝઘડામાં પરિણમે છે. વાકું પડે, ઓછું આવે, ન બોલવાનું બોલાઈ જાય, અકારણ કે સકારણ ગુસ્સો આવે, અવાજ ઉંચો થઈ જાય, મૌન અને અબોલામાં કલાકો કે દિવસો વીતી જાય, બોલવાનું મન થાય પણ પહેલ કોણ કરે? અહમ આડો આવે, પાછા બોલી પડે, કાગળની દિવાલ પાછી તુટી જાય, નવો સેતુ બંધાય ફરી તુટવા માટે અને ફરી બંધાવા માટે.

પરંતુ નાની નાની ભુલોને ઝગડાઓમાંથી ફરી એ વસ્તુ ન થાય, એ સમજણ કેળવવાની છે. કોઈ વ્યક્તિ સંપુર્ણ નથી હોતી, ફુલો ખીલે છે, એમાં કોઈ રૂપાળું હોય, કોકમાં સુંગધ હોય, કોક સુંવાળું હોય પણ દરેક ફુલમાં કંઈક એવું ચોક્કસ હોય છે કે જે આપણને ગમે છે. તેમ માણસમાં પણ એવું હોય. કોઈ માણસ સાવ ન ગમે તેવું કેવી રીતે હોઈ શકે ? દરેકમાં કંઈક એવું હોય કે આપણા હૃદયને સ્પર્શે. કોઈકનો સ્વભાવ, કોકની વાતો, કોકની લાગણી, કોકનું રૂપ, કોકના સંસ્કાર. જીવનમાં વાંધા વચકા કે મતભેદ હોઈ શકે પણ એને એનેસ્થેસીયા આપતાં માણસને આવડવું જોઈએ. અપુર્ણતા છે તો છે આપણે સંબંધોની પુર્ણતા તરફ જવાનું છે અને એના તરફ પહોંચવાનો રસ્તો એટલે એકબીજાની અપુર્ણતા પ્રત્યે આંખ મિચામણાં કરવા અને પોતાની પુર્ણતા પ્રત્યે બહેરા બનવું. સંબંધમાં સૌદર્ય શોધતા આપણને આવડવું જોઈએ. સામેવાળા પાત્રમાં ઓછપ હોય એને અવગણતા આવડવું જોઈએ. એકમેકની ઈચ્છાઓમાં એક બનીને, અરમાનોમાં એક બનવાનો સતત પ્રયાસ, અને સામા પાત્રને સંતોષ આપીને પુર્ણતાની લાગણી પામવાનું નામ જ લગ્નજીવન છે. બાકી ઘણા દંપતિ એકબીજાની સાથે સાથે રેલ્વેના પાટાની જેમ અવિરત સમાંતર ચાલ્યે જાય છે. એક જ ઘરમાં અજાણી વ્યક્તિઓ થઈને 'હસ્તમેળાપ' થી 'હૃદયમેળાપ' સુધી પહોંચ્યા વગર જ.

**- નિખિલ પરીખ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (ઉપનગર વિભાગ) યોજે છે

# દાંડિયા રાસની રમઝટ

**તારીખ : ૧૫.૧૦.૨૦૦૬ને રવિવાર : સમય સાંજે ૫.૩૦ કલાકે**

**સ્થળ :** રંગોલી ગાર્ડન હોલ, મ્હાત્રે વાડી, હરીદાસ નગર, સોની ટાવર પાસે, કોરા કેન્દ્ર રોડ, બોરીવલી (વે), મુંબઈ - ૯૨

દર વરસની જેમ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી દાંડિયા રાસ રમાડવામાં આવશે. સાંજે ૭.૦૦ વાગ્યા પછી આવનારને રમવાનો બેચ આપવામાં આવશે નહી. માટે સમયસર હાજર રહેવા વિનંતી.

**નોંધ :** આ સાથે મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પરસ્કૃત પારિતોષિકનું વિતરણ કરવામાં આવશે. ધોરણ ૧ થી ૯ ઉપનગર વિભાગમાં ગુજરાતી તેમજ ઈંગ્લીશ મીડીયમનાં ઈનામો આપવામાં આવશે. દરેક વાલીઓને વિનંતી કે રીઝલ્ટની ઝેરોક્ષ કોપીની પાછળ એડ્રેસ અને ટેલીફોન નંબર લખીને ઉપનગર વિભાગનાં કોઈપણ નજીકનાં કાર્યકર્તાને ત્યાં પહોંચાડે અથવા સંસ્થાની ઓફિસે તા. ૧૫.૯.૨૦૦૬ પહેલા ૨૦૦૬ની એપ્રિલની રીઝલ્ટ કોપી મોકલી આપવી.

**સંયોજક : દક્ષેશ એસ. પરીખ** **મંત્રી : પ્રદીપ કડકીયા**

**નોંધ :** દરેક બાલાસિનોર મેમ્બરને વિનંતી કરવામાં આવે છે કે જે વ્યક્તિઓએ ૧૦મી ટેલીફોન ડીરેકટરીનાં ફોર્મ હજુ સુધી ન ભર્યા હોય તેઓએ ભરીને નજીકનાં કાર્યકર્તાઓને પહોંચાડવાં વિનંતી.

# નૈસર્ગિક સૌંદર્ય

**કયો** સહૃદયી માનવી સૌંદર્ય ભુખ્યો નહી હોય? પર્વતની ટોચે કાળમીંઢ પથ્થરોં પર ચાંદની વેરાતી હોય ત્યારે કયા માનવીનું મન નાચી ન ઉઠે? કાદવમાં ખીલેલા કમળનું કમનીય સ્વરૂપ નિહાળતા, શીતલ સમીરને ઝોંકે સુંગધની સમૃધ્ધિ પાથરતાં ફૂલો ને જોઈને, પક્ષીઓનાં મધુર ગીતો સાંભળીને કયા હૃદયમાં કાવ્યની સ્ફૂરણા ન થાય? ખરેખર ! પ્રકૃતિનો જાદુ વિલક્ષણ છે. તેનું માધુર્ય અજબ છે. તેણે સૌંદર્ય ની લ્હાણી મૂઠીએ મુઠીએ નહીં પણ ખોબે ખોબે કરી છે.

કાંઠે રમતા ગુલાબના ફૂલ જેવા કોમળ બાળકો, પાણી ભરતી નમણી નાજુક પનિહારીઓ, ખેતરમાં મોલને નહેર દ્વારા પાણી સિંચન કરતાં ખેડૂતો - બધું કેવું નયન રમ્ય લાગે છે. સરિતા કિનારે શીતલ પવન સાથે ગેલ કરતાં વૃક્ષો કેવા ઝુમી ઉઠે છે. નદીઓમાં તરતી હોડીઓ અને વહાણો તેનાં સૌંદર્યમાં અજબ વૃધ્ધિ કરે છે. દૂર દૂર દષ્ટિ કરો જયાં ધરતી અને આકાશ મળતાં હોય ત્યારે શરમાતી સંધ્યાનું પ્રતિબિંબ કોઈ દેવકન્યા જેવું મનોહર લાગે છે. અમૃતની છોળો ઉડાડતો ચંદ્રના રૂપેરી ચળકાટ સરિતાને કોઈ અનેરું સૌંદર્ય બક્ષે છે. અમાસની અંધારી રાતે આકાશમાં ઝગમગતા તારાઓનું સરિતામાં પડતું પ્રતિબિંબ ભવ્ય લાગે છે.

સૌંદર્ય ભૂખ તો માનવીના નસેનસમાં વ્યાપેલી છે. પ્રકૃતિમાં માનવીને સર્વસ્વ મળી શકે છે. નદી કિનારે ચાંદની રાતે ચંદ્ર જ્યારે સોળે કળાએ ખીલ્યો હોય એ દશ્ય ખરેખર અદભૂત છે. તેવી જ રીતે અમાસની રાત પણ જાણે કોઈ શ્યામા એ ચળકતી ટીપકીવાળી શ્યામ સાડી પહેરી હોય એમ દીપી ઉઠે છે. આ અદભૂત દૃશ્ય નિહાળીને કવિઓના માનસ પટમાંથી કાવ્યની સ્ફૂરણા થાય છે. અરે! આ સંધ્યા તો જુઓ કેવી શરમાઈ રહી છે? ભાત ભાતના રંગો અને નમણી રેખાઓ કોઈ ચિતારો પોતાની રંગપેટીમા દ્રષ્ટિ કરે તો એવા રંગ ન મળે, પલક પર રેખા અંકિત કરો તો યે આકાશને છેડે અંકિત થયેલી રેખા જેવી ન દોરાય કેમકે એ ચિત્ર તો પરમાત્મા એ દોર્યુ છે. એની કલા પાસે માનવીની કલા શી વિસાતમાં? એટલે જ એક કવિએ કહ્યું છે કે 'ये कोन चित्रकार है?'

हरी हरी वसुंधरा पे नीला नीला ये गगन,  
कि जिसमें बादलो की पालकी उडा रहा पवन,  
दिशाए देखो रंग भरी, चमक रही उमंग भरी,  
ये किसने फूल-फूल पे किया सिंगार है?  
यह कोन चित्रकार है, ये कोन चित्रकार है?

ખરેખર, કુદરતની લીલા અદભુત છે. આપણા ગુજરાતી સાહિત્યના લેખક 'શ્રી ગોવર્ધન રામ ત્રિપાઠી' ની દ્રષ્ટિએ માનવ કરતાં પ્રકૃતિ ચડિયાતી છે. અદભૂત છે. પ્રકૃતિમાં આપણને ઈશ્વરના દર્શન થાય છે. કુદરત પાસે આપણે જે કંઈ માંગીએ છીએ તે આપે છે. પણ માનવી પાસે આપણને નિષ્ફળતા જ મળે છે.

એટલે જ હું કહુ છું કે,

***'ફૂલ પાસે માંગી હતી કોમળતા, મળી,...***  
***નદી પાસે માંગી હતી નિર્મળતા, મળી..***  
***ચંદ્ર પાસે માંગી હતી શીતલતા, મળી...***  
***માનવી પાસે માંગી હતી માનવતા,***  
***કહેવાની જરૂર છે ? કે નિષ્ફળતા મળી.'***

**- અમીતા અજીતકુમાર પરીખ**

# નર, નારી અને નારાયણ

''સૂઈ અને ધાગો, નાતો એક સાંચો, માલા પીરોય જબ મિલે દોનો'' એ માલાને ફેરવતાં મળે નારાયણ, નર અને નારીનો સર્જનહાર તો પ્રભુજી છે. પ્રભુજી વિના જેનું અસ્તિત્વ જ નથી. નારી તો નારાયણી કહેવાય, પરંતુ જન્મે ત્યારથી જ પરાવલંબી પહેલાં આધીન માતા પિતાને બીજે પતિ પરમેશ્વરને અને ત્રીજે અંતીમાએ પરાવલંબી નારી પુત્રને આધીન થઈને રહે, એટલે નારીને નારાયણીનું બિરુદ મળલું છે, પરંતુ જન્મે ત્યારથીજ પરાધીનતા, હસતે હસતે સ્વીકારે એવી પરાધીનતા.

વહાલસોયી એવી પુત્રી પિયરની પાલખી છોડી, સાસરાની સુંવાળી રેશમદોરીથી બંધાઈ હસતાં હસતાં પગરણ માંડે છે. દિવસો ય તારા દેખાડતાં પતિદેવો શરૂમાં ભમરાની જેમ મંડરાય પરંતુ અપવાદ રૂપ છોડીને પતિદેવો નારીના જીવનને તુચ્છ માનતા હોય, સહધર્મચારીણી સ્ત્રીની શી ગણના થાય છે એ તો ઘર ઘરનો ચિતાર જોઈએ તો જ સમજાય ભણેલી હોય, ચાલાક ચપલા હોય છતાં તેની સ્થિતિ પાંખો કપાયેલા પિંજરના પંખી જેવી જ? પતિને પરમેશ્વર સમજતી નારી બિચારી?

નર તો પોતાની જાતને નારાયણ સમજતાં હોય છે. તેમની દ્રષ્ટિએ તો નારી અધૂરી જ, પોતે પૂર્ણ હોય એ જ્ઞાન અહીં જૂઠલાય છે. જીવન રથનાં બે પૈયાં, ગમે તેવી ટેડી મેઢી ડગર હોય તોય પૈયાં સલામત હોય તો જીવનની વાટ સરળ રીતે પાર કરી શકાય, પરંતુ નારીના વજુદની અવગણાના કરનાર પુરુષ જીવનની વાટે સંપૂર્ણ હોવા છતાં અધૂરો જ રહે છે અને એ સત્ય હકીકત છે.

ઉંડે ઉંડે પણ નારી તેની મધુરપમાં તેની અધૂરપને કોસતી રહે છે. શરીરથી, મનથી નર અને નારી એકબીજા વિના અધૂરો છે જ એ હકીકત છે, છતાં પુરુષ પોતાના પુરુષત્વને જ પોષે છે. જાણી બુઝીને ય પોતે જ પૂર્ણ છે. એ સમજને નારીનેય સ્વીકારાવે છે. નારીના હ્રદયના ઉંડાણમાં ઝાંકો તો સમજાશે કે મને કમને ય નરનું આધિપત્ય સ્વીકારી લેતી હોય છે, અને આ એના અંતરની જ પરિભાષા છે.

નર અને નારીની સંવેદના તો જોઈ હવે નારાયણને વિચારીએ? નારાયણ એટલે નારાયણ, એને સમજવાનું, વિચારવાનું શું? એ તો સર્વોપરી સત્તા? કર્મને આધીન એવા શ્રી નારાયણ તો નર હોય કે નારી ઘડીકમાં રોળી નાંખે, બન્નેનો સર્જન કરનાર નારાયણશ્રી નારીને સન્માનીય માતા, ભગીની, ભાર્યનું બિરદ આપેલું છે. જે ઘરમાં ગૃહીણીનું માન ન જળવાય એ ઘરમાંથી લક્ષ્મીજી રૂસણાં લઈ ચાલ્યા જાય છે, અને જે ઘરમાં નારીનું સન્માન થાય એ ઘરમાં લક્ષ્મીજી રમતાં રહે છે. અપબાદ રૂપ ઘરોમાં નારી કુલક્ષણા હોય, અને એતો ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય એ રીત હોઈ શકે છે.

નારાયણી વિના નરનું અસ્તિત્વ જ નથી, નારીના જ ઉદરમાંથી જ તેનો જન્મ થાય છે. આ નક્કર સત્યમાં નારાયણશ્રી પણ આવી જાય છે. જ્યારે તે પૃથ્વી પર માનવ રૂપે જન્મ લે છે ત્યારે, તેઓશ્રીને પણ માતાના ઉદરમાંથી જન્મ લેવો પડે છે, અને આજન્મદાત્રી જે વેદના સહી બાળકને જન્મ આપે છે. એ નર સમજે તો કદી નારીની ઉપેક્ષા સ્વપ્નમાં પણ ન વિચારે. નારીનું

ભગીની રૂપ અને નારીનું ભાર્યા રૂપ ખરેખર એટલું પવિત્ર છે, સેવા પૂજા કરતી નારી, ઉની ઉની રસોઈ જમાડતી નારી, બાળકોના સાર સંભાળ લેતી, અને બાળકને પોતાનું ધાવણ ધવરાતી નારી. થાકયા પાકયા ઘરે આવતાં પતિદેવોને મીઠું સ્માઈલ આપી હાથમાંથી બેગ લેતી નારી, માંદગીમાં સેવા ચાકરી કરતી નારી......અને એટલે જ નારી એ નારાયણી બની રહે છે, વખત આવે કમાઈ જાણે છે; આ સર્વે રૂપમાં તેની દિવ્યતા  ઝળકે છે. પરંતુ કયારેક થતી તેની ઉપેક્ષા, તેની ઉપર જોહુકમી કરતાં નરની સામે તેનુ અંતર દાઝતું રહે છે, અને કયારેક દાવાનળ બની, બહાર આવે છે. પોતાના સ્વજનોની, માની મમતા, પિતાનો દુલાર ભાઈ-બેનોની મીઠી મજાક મસ્તી છોડી સાસરે આવે તો ઉમંગોથી છલકાતી હોય છે, પતિદેવના દાસત્વને પ્રેમથી સ્વીકારી લેતી નારીની ઉપેક્ષા થાય ત્યારે જ તેમાં વિફરતા પ્રવેશતી હોય છે.

નર વિના અધૂરી છે નારી, બન્ને એક બીજાના પૂરક છે. જો કે જમાનાની તાસીર આજની નવી પેઢીમાં કદાચિત રીવર્સમાં ગીયર બદલાતા જોવા મળે છે. ડાર્લિંગ શબ્દએ દાટ વાળ્યો છે. ''ડાર્લિંગ આપણુ ચાઈલ્ક તારે જ ઉંચકવાનું છે.'' ડાર્લિંગ આજે તો આપણેબહાર જ ડીનર લઈ લઈશું, ત્યાંથી મારા મમ્માના ઘરે જઈશું.'' જમાનાની તાસીરે ગાડીને ઉલ્ટા રીવર્સ ગીયરમાં દોડાવી પડતી હોય છે, કારણ ભણેલાં લેડીઝ જોબ કરતાં હોય છે, સહધર્મચારીણી બનીને ? કદાચીત એવું પણ બને છે, ''મારે અત્યારથી ઈશ્યુ નથી જોઈતું, આઈ કેન એબોર્ટ ધીસ ચાઈલ્ડ'' આમ પૂર્વના સંસ્કાર પર પાશ્ચિમત્યનો ઓપ ચઢેલો દેખાઈ આવે છે; મને કમને આજના સો કોલ્ડ હસબન્ડ  ''ઓ કે ડાર્લિંગ ....અને આ '' ઓ કે માં માતા પિતા તો અધ્યાહર અને ઉપેક્ષિત જ રહે છે. આમ નર અને નારીના સંઘર્ષમાં નારાયણશ્રી પણ ડોલાયમાન સ્થિતિમાં આવે છે.

આજના યુવા પેઢીના નર પાશ્ચાતના રંગે રંગાયેલા હોય છે, એવા ઘરમાં આજની યુવા નારી પણ ઉપેક્ષિત થતી હોય છે. સિગાર, હોટ ડ્રિંક્સ, કિમામી પાન તથા ગુટકાના વ્યસનોથી ઉબકાઈ જાય છે. કયારેક કોઈક ઘરમાં થતી તાડન પ્રહાર ક્રિયા, તો વળી કંઈ ઘરમાં ઘરવાળી બહારવાળીનું દિમક લાગી જતું હોય છે, તો કોઈક ઘર ડીવોર્સનો દરવાજો ખોલે છે ? આજની નારી સો કોલ્ડ હસબન્ડ પાસે લાડ કરતી હોય છે, પણ આજની નારી ઉપર બતાવ્યું એવા કારણો સર ઉપેક્ષિત પણ થતી હોય છે એવા સ્વચ્છંદી નરને શું કહેશો ? રાતની રાત પાના રમવા, મોડે સુધી, દોસ્તો સાથે રખડવું, વાઈફ અને બાળકોને ફોર્સ પાડવો, નહી તો ઉપેક્ષા કરવી, આ તો કંઈક ઘરોનો સળગતો ચિતાર છે. અને આ બધાં દૂષણોથી આવે રાજાશાહી બીમારી, પૈસે ટકે ખીસ્સાખાલી, ભભકા ભારી જેવી પરિસ્થિતી, અને ચાકરીમાં નીચોવાતી નારી અને લાસ્ટમાં ''વીડો ''નું ચંદ્રક મેળવતી નારી ?

જો સ્ત્રીઓ લસણ ખાય, મેંદી લગાવે, તો તેની વાસ ઘણા પુરુષો સહી શકતા નથી, વળી આજની એજ્યુકેટેડ યુવા નારી સિગાર, ગુટકા, હોટ ડ્રીંક્સ લેતી હોય, રાતની રાત પાના રમે યા મોડી રાત્રે ઘરે આવે તો ? આજના યુવા પેઢીના નર, સો કોલ્ડ હસબન્ડ સહી શકશે ? આનો જવાબ આજના યુવા પેઢીના નર, સો કોલ્ડ હસબન્ડ, પોતાના જ અંતરમાંથી મેળવવાનો રહેશે, આપના બાળકો આ દૂષણોમાં ઘેરાય તો ? આજના ઘણાં બાળકોને તમારા ઉપર જણાવેલા દૂષણોં સામે સખત નફરત હોય પણ બોલી ન શકે વડીલને ? આ બધાંનો જવાબ તમારા, આજની યુવા પેઢીના નરે

પોતાના જ અંદરમાંથી મેળવાનો છે. વળી આવા દૂષણોથી ઘેરાયેલા દીકરાઓને ક્યારેક એકસીડન્ટ થાય? એની ચાકરીમાં પૈસાના ટીનો ઠલવાય? યા સાદી બિમારી જેમ કે કેન્સરથી ઘેરાય તો? ચાકરી કરતાં બેવડ વળી જવાય અને ખીસ્સાં ઉલેચાંઈ જાય? આજના જમાનાની આ તાસીર, ઘરઘરકી કહાની જેવી છે. નર અને નારીના સંઘર્ષનો ચિતાર છે? આમા નારાયણશ્રી શો ન્યાય આપે? જો કે સમાજનું સારું પાસુ પણ હોય છે, અપવાદ રૂપ આવું બનતું રહે છે.

ફરી એક વાર નર અને નારી એક બીજાના પૂરક છે, સહોદર છે, સહોદર થઈને રહો, નારાયણશ્રી પણ ખુશ લક્ષ્મીજી પણ ખુશ, ઘર પવિત્ર સ્વર્ગ બની રહે. તમે કેવા નર છો? કેવી નારી છો? મનોમન વિચારજો અને દુષણોની દુષિત હવાથી દૂર રહો એજ અભ્યર્થના.

***નોંધ :*** આપણી સરકારે પણ સિગાર અને ગુટકા માટે વિરોધ દર્શાવ્યો છે. પણ લોકોના પૈસા છલકાતા તે બ્લેકમાં પણ ખરીદી પોતાની જ લાઈફને મૃત્યુ તરફ ખેંચી જતા હોય છે. વળી ખાનારાઓને ખબર નથી કે તેઓશ્રી ડેમ ચીપ લાગતા હોય છે જેમ કે **''ત્રી મણજે ઘા''** અને છીંકણી અને બજર સુંઘતા અને દાંતે ઘસતાં ગામડાંના અનઘડ નર નારીઓ જેવા.

એમની દલીલ એવી છે કે જેઓ કદી બહારનું પણ ખાતા નથી દૂષણ રહીત છે એવાને પણ કેન્સર, હાર્ટ એટેક જેવી બિમારી આવે છે. ઘડી પલ કોઈના રોકયા રોકાતા નથી, મોત તો આવવાનું જ છે તો શા માટે મોજ-મજા ન કરવી? પરંતુ સામે ચાલીને ઝેર કોઈ પી જાણે છે? સામે ચાલીને રેલની પટરી પર યા રસ્તા વચ્ચે કોઈ ઉભુ રહે છે?

સવાલ તમારો જવાબ પણ તમારો?........ દૂષણોથી દૂર રહેવું.

***- ઉષા શૈલેષ ધારીયા***

## Cold drinks Cold drinks Cold drinks

Cold drinks, Cold drinks
Yum! yum! yum!
They are my favourite,
And even fill up my tum.
Oh my!
What am I doing
They are bad for health,
But they are cooling
They are poisonous for insects,
And contain lots of chemical
You lose energy and get sick ,
And your brain goes dull.
So now you see, Cold drinks cold drinks
No more for me !!!

***Alomi Ketan parikh- std.III***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

**ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહિતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.**

**શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.**

**વધુ વિગત માટે સંપર્ક કરો.**

**મંજુલ શૈલેષ ધારીઆ**

**✆ : ૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧**
**૯૮૨૦૧૩૫૦૧૪**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

પવિત્ર શ્રાવણમાસમાં ગત કાર્યક્રમ આપ સૌએ ચેતન ગઢવી અને તેમના સાથીદારો દ્વારા કૃષ્ણભક્તિના જાણીતા ગીતોનો ગીતા મંદિર હોલમાં માણ્યો. વાતાવરણ કૃષ્ણમય તેમજ ભક્તિમય હતું. અંતમાં પ્રસાદીરૂપે કાજુપુરીનો આસ્વાદ માણી સૌ છુટા પડયા.

આપણી સંસ્કૃતિ ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણની આસપાસ ફરતી રહે છે પવિત્ર શ્રાવણમાસ કૃષ્ણના ભક્તિગીતો અને તે પછી કૃષ્ણ તેમજ આપણને સૌને અતિપ્રિય એવા દાંડિયા-રાસનો કાર્યક્રમ! કૃષ્ણની રાસલીલા વાસ્તવમાં તો આ સૃષ્ટિમાં સતત ચાલતી વિશ્વની લય-લીલાની જ મધૂર પ્રતિશ્રુતિ છે.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીની ઉજવણીરૂપે શનિવાર તા. ૧૪.૧૦.૨૦૦૬ના રોજ બપોરે ૨.૩૦ થી ૬.૦૦ કલાકે હિન્દી વિદ્યા ભવન સ્કુલ, મરીન લાઈન્સ ખાતે આપ સૌનો માનીતો એવો દાંડિયા રાસનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આપ સૌને બહોળી સંખ્યામાં હાજર રહેવા નમ્ર વિનંતી. ગ્રુપ પ્રમાણે સુંદર વેશભૂષા તથા સુંદર રમનારને ઈનામ આપવામાં આવશે એની જાણ લેશો.

લ્હાણીરૂપે આ વર્ષે કાચના ૬ ગ્લાસનો સેટ રૂા. ૧૨૦/- (એકસો વીસ પુરા)ની કિંમતે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંગેના પાસ શુક્રવાર તા. ૨૨.૯.૨૦૦૬ના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ દરમિયાન સંસ્થાની ઓફિસમાંથી મેળવી લેવા અથવા કમીટીની બહેનો પાસેથી સભ્યકાર્ડ સાથે આપી મેળવી શકશો. ત્યારબાદ લ્હાણીપાસ આપવામાં આવશે નહીં.

તો હવે ૧૪મી ઓક્ટોબર ૨૦૦૬ના બપોરે દાંડિયા-રાસ માટે હિન્દી વિદ્યા ભવન સ્કુલના હોલમાં મળીશું.

વધુ વિગતો માટે સંયોજક નીના કડકિયાનો સંપર્ક કરવો.

***- સંયોજક - નીના કડકિઆ - (ઘર) ૨૩૬૭૩૪૨૦***
***મોબાઈલ : ૯૮૨૦૨૭૭૭૮૯***

# અમરતાનું વસિયતનામું

❖ એક દિવસ હોસ્પિટલમાંકોઈ પલંગમાં ધોળી દૂધ જેવી ચાદર નીચે મારો દેહ ઢંકાયેલ હશે, એવી ક્ષણે ડોક્ટર આવી અભિપ્રાય આપશે કે મારા મગજે કામ કરવાનું નકાર્યું છે અનેમારું જીવન પુર્ણવિરામ પામ્યું છે.

❖ આવું જ્યારે બને ત્યારે મારા શરીરમાં યંત્રની સહાયથી બનાવટી જીવન રેડશો નહી. મારી જગ્યાને મૃત્યુ શય્યા ન લેખશો એને જીવનશય્યાં ગણજો. મારા શરીરને બીજા કોઈનું જીવન ચેતનવંતું બને તે માટે ઉપયોગમાં લેજો.

❖ જેણે ઊઘડતું પ્રભાત નથી જોયું, કે નથી નિહાળ્યું હસતાં ભૂલકાંનું નિર્દોષ મોઢું, કે નથી નીરખ્યું નારીના નયનમાંથી નીતરતું નેહનું અમૃત એને મારી આંખો આપજો.

❖ જેણે પોતાના હૃદય પાસેથી પારાવાર વેદના સિવાય કશુંયે મેળવ્યું નથી એને મારું હૃદય આપજો.

❖ અકસ્માતમાં ભંગાર થયેલી મોટર ગાડીમાંથી ખેંચી કઢાયેલ કોઈ યુવાનને મારું રક્ત આપજો જેથી એ પોતાના પૌત્રોને ખોળે બેસાડી ખેલાવે એટલું આયખું પામે.

❖ દર સપ્તાહે મશીનની મદદથી ડાયલિસીસ કરાવી પોતાના અસ્તિત્વને ટકાવવા મથતા કોઈ વીરલાને મારા મૂત્રપિંડો આરોપજો.

❖ અસ્થિઓ, મારા સ્નાયુઓ એક એક તંતુ, અનેક જ્ઞાનતંતુ કોઈ અપંગ બાળકને જીવનમાં ઓજસ પાથરવા આરોપજો.

❖ મારા મસ્તિષ્કનો ખૂણે ખૂણો ખોળી વળજો. એના કોષ કોષનો ઉપયોગ, કોઈનો લાડકવાયો ટહૂકતી કોયલ કે કેકારવ કરતા મયૂરના હૂબહૂ ચાળા પાડી શકે કે કબીરના પદ હલકથી ગાતો થઈ જાય તે માટે આપશો. એ કોષો કોઈ બધિર બાળા બારી પર પડતી વરસાદની થપાટોનું સંગીત માણી શકે તે માટે વાપરજો.

❖ બાકીનું શેષ બાળજો, પછી રાખ પવને ઉડાડજો. એ નવાં ફૂલ ખીલવશે.

❖ અને કંઈ દાટવાનો અભરખોહોય જ તો મારાં દુર્ગુણો દુર્બળતાઓ, મારી મર્યાદાઓ અને મનુષ્ય સામેના પૂર્વગ્રહો દાટજો.

❖ મારાં પાપો વિસ્મૃતિ ખાતે જમા કરજો, મારો આત્મા પ્રભુને નામે.

❖ કદાચ મને યાદ કરવા માગતા હો તો કોંઈ રોતી આંખનાં આંસુ લૂછીને, કોઈ સુરદાસને સરિયામ રસ્તે હાથ આપીને, કોઈના ઘાને લાગણી સભર શબ્દોથી રુઝવીને યાદ કરજો. અને, જો તમે, આ મેં અપેક્ષ્યું છે તે પ્રમાણે કરશો તો બધાનાં દેહે વ્યાપી હું અમર રહેવાનો છું.

*- રોબર્ટ ન. ટેસ્ટ*

*(ભાવાનુવાદ : ડૉ. વસંત પરીખ, વડનગર).*

# Indoor Games

(1) Carrom Single (Ladies)
9.30 a.m. on 17.9.06

(2) Carrom Mix Double
12.00 p.m on 17.9.06

(1) Carrum Superhit Mukabala
9.30 a.m. on 24.9.06

(2) Chess for Jr. & Sr.(Saturday)
7.00 p.m. on 29.9.06

(3) Badminton & T.T.
12.00 p.m. on 30.9.06 at p. m.
Bath Chawpaty

Those who are interested may give their names to Ajit N. Modi on Cell No. 98690 29486 or 2209 0151.

***Conuener - Ajit N. Modi***
***Mantree - Pradeep Kadakia***



# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત
# ટેલીફોન ડીરેક્ટરી ૧૦મી આવૃત્તિ

## જાહેર ટેન્ડર

ટેલીફોન ડીરેક્ટરી અંગે જાહેર ટેંડર આ વર્ષે પ્રકાશન કરવાનું નક્કી કર્યું છે. એમા રસ ધરાવતી વ્યક્તિઓ માટે જાહેર ટેન્ડર છે. ટેન્ડર ની વિગત :-

| | | |
|---|---|---|
| **Total pages** | **:** | **180 pages** |
| **Paper size** | **:** | **20/30 1/8''** |
| **Paper quality** | **:** | **simplex maplitho** |
| **paper** | **:** | **90 Gsm and 100 Gsm Maplitho Art Card 300 Gsm** |
| **Copies** | **:** | **1800** |

Total Value for 1800 copies

(1) Art Card printed in 4 colours laminated & 6 pages in Blue or Any colour with stiching Binding & Printing

(2) Book mark Along with string with laminated card punch size: 4"x8"

(3) D.T.P. કામ કરવાનુ રહેશે અને ચાર plus એક ફાઈનલ પ્રુફ આપવાના રહેશે. કવર પેજ ની ૩ ડીઝાઈન આપવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે મંત્રીશ્રી અથવા સંયોજક ને રૂબરૂમાં સંપર્ક સાધવો.

આ ટેન્ડર અમને સીલ કવરમાં તા.૨૨.૯.૦૬ સુધીમાં સંયોજકને અથવા સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન પહોંચાડવા પડશે.

***તા. ક. ટેન્ડર કવર ઉપર ટેલીફોન ડીરેક્ટરીનું જાહેર ટેન્ડર લખવાની વિનંતી.***

મેનેજીંગ કમીટીને Accept or Reject કરવાનો ફાઈનલ હક્ક છે.

***સંયોજક : હેમેન્દ્ર આર. શાહ - મંત્રી : પ્રદિપ પ્ર. કડકિયા***

આ સાથે ટેલીફોન ડીરેક્ટરી માટે છેલ્લી વાર ફોર્મ મોકલાવ્યુ છે. તા.૨૫.૯.૦૬ સુધીમાં જેમણે ન મોકલાવ્યુ હોય તે ફોર્મ ભરી મોકલી આપશો. ફોર્મ નહી આવેતો લાસ્ટ ટેલીફોન ડીરેક્ટરી પ્રમાણે પ્રીન્ટીગ થઈ જશે. ૯ મી આવૃત્તિ પછી પરણેલા છોકરાઓના (ફોર્મની ઝેરોક્સ કરાવી) અલગ ફોર્મભરવા વિનંતી બહારની નાત માં પરણેલી આપણી દીકરીઓના ફોર્મમાં પહેલા પિતાના નામ સાથે લખવુ અને બીજી લાઈનમાં એના પતિ સાથે નામ લખવું. આ આવૃતિમાં બાલાસિનોર, બહાર ગામ તથા આઉટ ઓફ ઈંડીયામાં રહેતા બાલાસિનોર વાસીઓના ટેલીફોન, મોબાઈલ, ઈ-મેલ નો સમાવેશ કરવામાં આવશે. તો એની વિગતો મુંબઈમાં રહેતા એમના સગા. વ્હાલાઓ અમને આપી શકશે. અથવા બહાર ગામ રહેતા ડાયરેક્ટ અમને પોસ્ટ / કુરીયર કરી મોકલી આપે.

## જાહેર ખબર

આ ટેલીફોન ડીરેક્ટરીમાં થોડી જાહેર ખબરો લેવામાં આવશે વહેલો તે પહેલાના ધોરણે જેના દર નીચે મુજબના છે.

(1) Front Cover Back
10,000

(2) 1 st page (Front cover back opposite)
10,000

| | | |
|---|---|---|
| (3) | Last cover back | 10,000 |
| (4) | Last page (Last coverback opposite) | 10,000 |
| (5) | 1st Page back (2nd page) | 5,000 |
| (6) | Last page back (2nd last page) | 5,000 |
| (7) | Full page inside | 2,000 |
| (8) | Lable tag | 5,000 |
| (9) | Well wisher "STRIP" on each page | 3,00 |

(''જે જે શ્રી ગોકુલેશ'' નામ અને ટેલીફોન નં. લખાશે) ફક્ત ૧૫૦ નામ લેવાના છે વહેલો તે પહેલા ધોરણે.

નમ્ર વિનંતી આવનાર કાર્યકર્તાઓને આપનો સાથ સહકાર આપશો

*સંયોજક - હેમેન્દ્ર આર. શાહ*
*૯૮૨૦૦ ૧૧૫૮૬/૨૮૦૫ ૦૭૩૫*
*મંત્રી - પ્રદિપ પ્ર. કડકિયા - ૨૨૦૧૮૩૨૬*

# વાડાસિનોર પ્રગતી સમાજ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લીમીટેડ

માનનીય શેર હોલ્ડર્સ (મેમ્બર્સ),

૨૦ મી વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે પસાર થયેલા ઠરાવ મુજબ ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષનું ૧૫% ડીવીડન્ડ કામકાજના દિવસોમાં બપોરના ૧૨ થી ૪ ના સમય દરમ્યાન સંસ્થાના કાર્યાલયમાંથી મળશે. જે સભ્યોને ડીવીડન્ડ લેવાનું બાકી હોય તેઓએ ઓફીસના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી છે.

આ મહિનાની કારોબારીની મીટીંગમાં ચર્ચા વિચારણા કરીને નીચે પ્રમાણે વ્યાજના દરોમાં ફેરફાર કરવામાં આપ્યો છે.

અમલમાં આવ્યાની તારીખ - ૨૬.૮.૨૦૦૬

રીકરીંગ ડીપોઝીટ :-

| | |
|---|---|
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૫.૫% |
| ૨ વર્ષથી ઉપર | ૬.૫% |

| ફીક્સ ડીપોઝીટ :- | | સીનીયર સીટીઝન |
|---|---|---|
| ૪૬ દિવસ થી ૩૬૪ દિવસ | ૫% | ૫.૫૦% |
| ૧ વર્ષ થી ૨ વર્ષની અંદર | ૬% | ૬.૫૦% |
| ૩ વર્ષ સુધીજ | ૭% | ૭.૫૦% |

લોનમાં વ્યાજ નીચે પ્રમાણે તા.૨૦.૯.૨૦૦૬ થી અમલમાં:-

| | |
|---|---|
| રહેઠાણ માટે - | ૮.૫૦% |
| અન્ય લોન - | ૮.૫૦ અને ૧૦% |
| ધંધાકીય માટે - | ૧૧% |

આ અગાઉ જણાવ્યા મુજબ, આપણા સભ્યોની સગવડતા ખાતર, સમાજની ઓફીસમાં ફેબ્રુઆરી ૨૦૦૬ થી કામકાજનો સમય નીચે મુજબનો રાખવામાં આવેલ છે. તેની આપ સૌ સભ્યોએ નોંધ લેવા વિનંતી છે.

(૧) રોકડા (Cash) લેવાનો સમય-સવારે ૧૧ થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી

(૨) ચેક (Cheque) લોવાનો સમય-સવારે ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી.

*વાડાસિનોર પ્રગતિ સમાજ*
*કો. ઓ. ક્રેડીટ સોસાયટી લીમીટેડ - કારોબારી વતી.*

- ટેવો પહેલાં કરોળિયાના જાળાં જેવી હોય છે. પાછળથી એ પોલાદી દોરડાં જેવી બની જાય છે.

# Shree Balasionr Navyuvak Sangh Jansathi Trophy for the Year 2006-2007

## Group "A"

**Shri Paresh Rasiklal Parikh (Dudhwala)**

**Name of the Player**

Suketu N. Parikh (Cap.)
Chirag J. Desai (W.K.)

| | |
|---|---|
| Nirav J. Desai | Miten Parikh |
| Dharav R. Parikh | Pritesh Thakkar |
| Nilesh C. Kadakia | Deval A. Mehta |
| Samir Dharia (Dalal) | Alkesh M. Kadakia |
| Prashant S. Mehta | Chirag S. Mody |
| Yatin Desai | Kunal M. Desai |
| Ravish Shah | Anand B. Shroff |

## Group "A"

**Shri Paresh Rasiklal Parikh (Dudhwala)**

**(A-2)**

**Name of the Player**

Shiten D. Kadakia (Cap)
Vaishalya N. Gandhi (Wk)

| | |
|---|---|
| Niren K. Dharia | Devang Y. Parikh |
| Nitin P. Gandhi | Gopal R. Seth |
| Tushar N. Dharia | Nimish B. Parikh |
| Mitesh N. Dharia | Rahil Kadakia |
| Praful N. Dharia | Mihir N. Kadakia |
| Nirmay A. Shah | Chirag C. Parikh |
| Anish N. Shah | Ashish V. Shah |

## Group "A"

**Shri Paresh Rasiklal Parikh (Dudhwala)**

**(A-3)**

**Name of the Player**

| | |
|---|---|
| Nihar A. Kadakia | Saurin N. Parikh (WK) |
| Samir C. Desai | Sharmik J. Shah |
| Paresh R. Parikh | Sachin P. Parikh |
| Tushar S. Parikh | Rupin P. Kadakia |
| Parag Shah | Jatin N. Desai |
| Hitesh Shah | Ashok Dharia |
| Rohan D. Desai | Ankit H. Shah |
| Rikan K. Mody | Samir P. Dharia |

## Group "B"

**Shri Nitin Pravinchand Gandhi**

**(B-1)**

**Name of the Player**

Sanjay K. Mody (Cap.)
Rupesh K. Mody (Wk)

| | |
|---|---|
| Kamil P. Sheth | Samir R. Desai |
| Ravish M. Desai | Ruchit H. Doshi |
| Hiren A. Parikh | Ripal H. Desai |
| Ritesh B. Kadakia | Ripal B. Parikh |
| Ashwin P. Karkera | Nitin J. Parikh |
| Yomesh N. Shah | Shanket S. Mody |
| Ketan J. Kadakia | Anikt Desai |

## Group "B"

**Shri Nitin Pravinchand Gandhi**

**(B-2)**

**Name of the Player**

Kinjal P. Parikh (Cap & WK)

| | |
|---|---|
| Deepan K. Mody | Sandeep K. dharia |
| Kunal P. Dharia | Chetan J. Kadakia |
| Mitul B. Parikh | Anish Doshi |
| Rohan J. Desai | Karan R. Parikh |
| Rajul M. Parikh | Saumil Kadakia |
| Miten P. Parikh | Jimish K. Kadakia |
| Arpit P. Dharia | Rashesh Mehta |
| Hetans A. Doshi | |

**Group "B"**
**Shri Nitin Pravinchand Gandhi**
**(B-3)**
**Name of the Player**

Apurv D. Dharia (Cap.)
Chirag D. Dharia (Wk)

| | |
|---|---|
| Jigar K. Kadakia | Rahul T. Parikh |
| Darshan H. Parikh | Samir R. Mody |
| Dasihik J. Desai | Amit J. Kadakia |
| Sanjiv K. Dharia | Saumil S. Shah |
| Kushal H. Doshi | Jasmin Seth |
| Neel Y. Shah | Utsav P. Mody |
| Dhaval | Chirag K. Kadakia |
| Pratik Desai | |

(1) This year we will have two group each group have 3 team, each team will play 3 matches against the opposite group.
(2) All the team will be playing three matches for third match each player will have to pay Rs. 150/- (One hundred fifty only)
(3) Winner team will get 2 point
(4) Final will be played between the team No.-1 & team 2. in case of team having equal point than the run rate will be considerd.


**શુભ વધાઈ** **મંગલ વધાઈ** **અલૌકિક વધાઈ**

।। શ્રી વ્રજેન્દુજયંતી ।।

**પુષ્ટિમાર્ગીય ચોર્યાસી બેઠકજી મહાયાત્રા 'તૃતીય'**

શ્રી વલ્લભના ચરિત્રને સાનુભાવ જતાવવા, આપશ્રીના સાનિધ્યને પામવા સંપૂર્ણ ભારતની પ્રાગટ્ય બેઠકજી (૧૨૬) એ ઝારી ચરણ સ્પર્શ રૂપી મનોરથ માટે પોતાના માથે બિરાજતા શ્રી ઠાકોરજી સાથે માર્ગીય મેડ - મર્યાદા સહિત મીની બસ દ્વારા યાત્રા માટે ફક્ત દસ જ વૈષ્ણવો માટે 'વહેલો તે પહેલો' ન્યાયે પ્રવેશ મળશે. વિશેષ વિગત માટે.

**સંપર્ક : મૌલેષ આર પરીખ**

'શ્રી કૃષ્ણ', એ-૬૦૧, કમલા વિહાર સ્પોટ કલબ લેન, પોયસર જીમખાના રોડ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭. **ફોન : ૨૮૬૧૩૪૩૪ - ૨૮૬૫૧૪૦૦ - ૯૮૬૯૭૮૭૮૭૫**

| **શુભ પ્રસ્થાન** | **શુભાગમન** | **ન્યોછાવર** |
|---|---|---|
| **સં - ૨૦૬૨ આસો સુદ બીજ, રવીવાર તા. ૨૪.૯.૦૬** | **અંદાજીત આશરે ૬૫ થી ૭૦ દિવસ માગસર સુદ ૭ પહેલાં** | **૪૫,૦૦૦.૦૦ (તમામ ખર્ચ સાથે)** |

## મોધું મૃત્યુ પ્રથા આશક્ય કે શક્ય ?

મૃત્યુ અનિવાર્ય અંગ છે.
જન્મપછી મૃત્યુ નિશ્ચિત છે!
આવન પછી જાવન ના હોયતો ?
જગત ઉભરાયા જ કરે, જે શકય નથી.........(૧)
જગમાં આવવું, પહેલું પગથીયું!
ઉતર, ચઢ જીવન કર્મના પગથીયાં
ને મૃત્યુ જીવન-અંતનું છેલ્લુ પગથીયું!
સુવાસ કે દુર્ગંધ જીવ્યાનું પરીણામ.........(૨)
આ જાણ્યા પછી શોક શા માટે ?
કે પછી લાગણી સ્વાર્થના નેજા હેઠે!
વર્ષો જુની ચાલતી આવેલ પ્રથા!
સમયનો અભાવ - મૌન પછી,
ભક્તિ ગીતો ને સંગીત સંધ્યા,
ઉઠમણું, શોક યા પ્રાર્થના સભા,
લાગણી કે રૂબરૂ મળ્યાનો અહેસાસ
''મોંધુ બન્યુ મૃત્યુ''..........(૩)
નેત્રદાન, દષ્ટિ વિહીનને નવી સૃષ્ટિ આપવી!
વિજળી દહન, લાકડા ને સમયનો બચાવ,
મરણ પછીની શોકની લાગણી!
શું ફોન અથવા પત્ર દ્વારા દર્શાવી ના શકાય ?
એનો જવાબ તો સમય જ આપશે!
તો પછી મૃત્યુનો ડર શા માટે ?
ભાગી ભાગીને ક્યાં ભાગશો તમે ?
આકાશ કે પાતાળમાં
તો પછી હસતાં હસતાં,
મૃત્યુ શા માટે ના સ્વીકારવું!...... (૪)

*''ચાંદશા''*

*ચંદ્રકાંત શાહ (ચટઈ)*

## જે...જે...શ્રી ગોકુલેશ બોલજો રે.....

શ્રી મહાપ્રભુના ભક્તો, શ્રી પુષ્ટિમાર્ગના વૈષ્ણવો,
જે...જે...શ્રી ગોકુલેશ બોલજો રે.....
દેશ હોય કે પરદેશ, વહેલી સવારે જાગીને,
સંધ્યા સમયે આરતી ટાણે, મિત્ર મળે કે વૈષ્ણવ,
જે...જે...શ્રી ગોકુલેશ બોલજો રે.....
ઘરની બહાર નીકળતી વેળા, ભૂખ્યા જનને ભોજન કરાવા,
દુઃખી જન આવી ચડે તો, ધીરજ આપી મદદ કરી,
જે...જે...શ્રી ગોકુલેશ બોલજો રે.....
અગિયારસનું વ્રત કરીને, તુલસી કેરી કંઠી ધરી,
પરિશ્રમમાં કષ્ટસહીને, પ્રાણી માત્ર પર દયા કરી,
જે...જે...શ્રી ગોકુલેશ બોલજો રે.....
પુષ્ટિમાર્ગમાં શ્રદ્ધા રાખી, ચિંતા સઘળી છોડી દઈ,
પ્રભુમાં શ્રદ્ધા રાખી, શ્રીજી ચરણમાં શિશ નમાવી.
જે...જે...શ્રી ગોકુલેશ બોલજો રે.....

*'સુલપ' (સુરેશ. લ. પરીખ)*

## જીંદગી ની સફર

જીંદગી જે વિતાવી તે, કરી લે તેના પર વિચાર,
ધરતી પર આવતાજ, મા-બાપરૂપી પ્રેમ બંધનમાં પડયો,
સમય થતા યુવાનીમાં, સ્ત્રી,
બાળકોની પ્રેમરૂપી માયાજાળમાં ફસાયો
આ રીતે સમય જતા, અંત સમય આવ્યો, ને તું મુંજાણો
વિચારી લે સત્ય કહું છું વાત,
નથી કોઈ તારું કે નથી કોઈ થવાનું
અંતીમ વિદાય વેળાએ લઈજઈ શ્મશાને આપશે અગ્નિદાહ
પછી થાશે વિદાય, તૂટી જાશે સગાઈ,
સંબંધ, ભૂલીજાશે સૌ
સત્ય કહું છું, વખત છે હજી, લઈલે ઈશ્વર કેંરુ નામ,
તરી જઈશ ભવપાર, માટે કહું છું ભજીલે 'શ્યામ' કેરું નામ
એકજ છે સથવારો સાચો 'શ્રી કૃષ્ણઃ શરણં યમઃ' કેરું નામ

*- સુરેશચંદ્ર મણીલાલ દેસાઈ 'સુમન'*

# બાલાસિનોર વિદ્યામંડળ

## સામાન્ય સભાની નોટીસ

સુજ્ઞ મહાશય, તા. ૧૦.૯.૨૦૦૬

ઉપરોક્ત મંડળની ૩૯ મી વાર્ષિક સામાન્ય સભા નીચે જણાવેલ કામકાજ માટે નીચે જણાવેલ સ્થળે અને સમયે રાખવામાં આવી છે, તો આપશ્રીને હાજર રહેવા વિનંતી છે.

**કામકાજની યાદી**

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

(૨) સને ૨૦૦૫-૨૦૦૬ વર્ષના મંત્રીશ્રીના નિવેદનની નોંધ લેવા બાબત.

(૩) સને ૨૦૦૫-૨૦૦૬ વર્ષના મંડળના ઓડીટેટ હિસાબો મંજૂર કરવા બાબત.

(૪) સને ૨૦૦૬-૨૦૦૭ વર્ષના મંડળના અંદાજપત્રને મંજૂર કરવા બાબત.

(૫) મંડળના ઓડિટરની સને ૨૦૦૬-૨૦૦૭ વર્ષ માટે નિમણુંક અને તેમનું વેતન નક્કી કરવા બાબત.

(૬) પ્રમુખશ્રીની અનુમતિથી જે રજૂ થાય તે,

**સામાન્ય સભાની તારીખ** - શુક્રવાર, ૨૯.૯.૨૦૦૬

**સામાન્ય સભાનો સમય** - સાંજના ૪.૦૦ કલાકે

**સભાનું સ્થળ** - બાલાસિનોર વિદ્યામંડળ ઓફિસ, જૈન દેરાસર પાસે, ભટ્ટવાડા, બાલાસિનોર

*સંચાલક - (મંત્રીઓ)*

***કાન્તિલાલ વીરચંદ શાહ, ચંદ્રકાન્ત ચીમનલાલ દેસાઈ, ઉશનસ નવીનચંદ્ર કચેરીઓ, રજનીકાન્ત ઓચ્છવલાલ શાહ***

**નોંધ** : કોરમના અભાવે સામાન્ય સભા મુલત્વી રહેશે તો બંધારણ મુજબ તે જ દિવસે તે જ સ્થળે અડધા કલાક બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે અને તે વિધિસરનું ગણાશે.

# બાલાસિનોર વિદ્યામંડળ

## બુક બેન્ક સહાય દાન

શ્રી. રાજેન્દ્રભાઈ કીર્તનલાલ દેસાઈ (લાટવાલા) પરિવાર તરફથી તેમના સ્વ.માતા-પિતા શ્રી કીર્તનલાલ સાકરલાલ દેસાઈ અને શ્રીમતી પદમાબેન કીર્તનલાલ દેસાઈની મધુર સ્મૃતિમાં રૂા. ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગ્યાર હજાર) નું દાન ‘‘બુક બેંક સહાય’’ માટે મળ્યું છે.

જે રકમ તે વર્ષમાં જરૂરી વિદ્યાર્થીઓનો ‘‘Set o f Text Books’’ આપવા માટે વાપરવામાં આવશે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના પરિવારના સૌ સભ્યોના સુખ, શાંતિ તથા ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

***સંચાલક : બાલાસિનોર વિદ્યામંડળની કારોબારી સમિતિ વતી***

### મોટામાં મોટું ?

| | | |
|---|---|---|
| મોટામાં મોટી ભૂમિ | - | માતૃભૂમિ |
| મોટામાં મોટી ખાઈ | - | અદેખાઈ |
| મોટામાં મોટી ખાણ | - | ઓળખાણ |
| મોટામાં મોટું દાન | - | અભયદાન |
| મોટામાં મોટો બંધ | - | સંબંધ |
| મોટામાં મોટો દેશ | - | ઉપદેશ |
| મોટામાં મોટો રામ | - | આરામ |
| મોટામાં મોટું કામ | - | સત્કામ |
| મોટામાં મોટી રાણી | - | ઉઘરાણી |
| મોટામાં મોટી બાઈ | - | ગરીબાઈ |
| મોટામાં મોટી ગન | - | લગન |
| મોટામાં મોટા છેડા | - | છુટાછેડા |
| મહાનમાં મહાન કાર | - | ઓમકાર |

# BALASINOR VIDYAMANDAL

**BALASINOR VIDYA MANDAL conducts ARTS & COMMERCE COLLEGE At Balasinor**

(Tel No. 02690 - 266079 / 267051)

i) Registered with the Charity Commissioner having registration no. **Kheda / F / 115 Dtd : 21/06/68**

ii) Registered with the Registrar of societies vide its registration no **Gujarat / 212/ Kheda Dtd : 21/06/68.**

iii) PAN No. AAATD 1514E

| | | |
|---|---|---|
| The College campus Area : 7 Acres & 37 Gunthas | | Total number of Members consist of : |
| Constructed Area : 3479.52 Sq. Mtr. | | 1) Life Members : 356 |
| The campus area of the college consists of :- | | 2) Students : 2053 |
| | Area Sq. Mtr. | 3) Professors : 26 |
| 1) Main Building | 1161.38 | 4) Admn. Staff : 10 |
| 2) S.K. Patel Hall (Auditorium-400 seats | 656.66 | 5) Peon staff : 9 |
| 3) Hostel Building (Two wings) | 526.63 | 6) Visiting Prof. : 20 |
| 4) Mess Room | 350.00 | |
| 5) Kitchen Room | 25.53 | |
| 6) Quarters | 409.09 | |
| 7) Principal's Bunglow | 216.50 | |
| 8) New U.G.C. Building | 133.73 | |
| **TOTAL** | **3479.52** | |

| Academic Report 2006 Results | | U.G.Students 2006-07 | | P.G. Students 2006-07 | |
|---|---|---|---|---|---|
| | | 1st term | 2nd term | 1st term | 2nd term |
| FY BA - 64% | FY B Com. - 70% | FY BA - 496 | | MA | |
| SY BA - 79.48% | SY B Com. - 87.90% | SY BA - 325 | | Part- I - 470 | |
| TY BA - 68.25% | TY B Com.- 47% | TY BA - 444 | | Part-II - 171 | |
| MA Part I - 56% | | FY B Com.- 39 | | M Com. | |
| MA Part II- 56.93% | | SY B Com.- 27 | | Part - I - 10 | |
| M.COM.Part I - 40% | | TY B Com. - 56 | | Part - II- 15 | |
| M.COM.Part II - 25% | | Total 1387 | | Total 666 | |

| MA | HINDI | ENGLISH | SANSKRIT | GUJARATI | HISTORY & ECONOMICS | History (Entire) |
|---|---|---|---|---|---|---|
| PART I | 119 | 74 | 113 | 135 | - | 29 |
| PART II | 36 | 19 | 57 | 54 | 5 | - |
| **M.COM.** | **PART I** | **-10** | | | | |
| **COSTING** | **PART II** | **-15** | | | | |

MA with FIVE Subjects : Gujarati, Hindi, English, Sanskrit & History & Economics (one subject) History (Entire)

M Com. with ONE Subject : Costing.

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

## ૧૦ મી વાર્ષિક સામાન્ય સભાની  નિવિદા

શ્રી બાલાસિનોર સેવા સમાજના સભ્યોની એકતાલીસમી વાર્ષિક સામાન્ય સભા બુધવાર તા. ૨૦.૦૯.૨૦૦૬ના સાંજે ૭.૦૦ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ૪૫/૪૯, બાબુ ગેનું રોડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨, મધ્યે નીચે મુજબના કામકાજ માટે મળશે તેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

કામકાજ

(૧) ગતવાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને મંજુરી

(૨) વર્ષ ૨૦૦૫-૨૦૦૬નાં વાર્ષિક અહેવાલને બહાલી આપવા.

(૩) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ નાં આવક જાવકના સરવૈયા સહિતના અન્વેષિત હિસાબો, મંડળ અને ઔષધાલયના મંજુર કરવા.

(૪) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે માનદ્ અન્વેષકની નિમણુંક કરી માનદ્ મહેનતાણું નક્કી કરવા.

(૫) બંધારણના સુધારા વધારા તથા ઠરાવો પર વિચારણા કરવા.

(૬) સભા મળવાના પાંચ દિવસો અગાઉ સભ્યોએ મંત્રીને લેખીત ખબર પહોંચાડી હોય તેવા કાર્યો, ઠરાવો બંધારણના સુધારા વધારા સિવાયના, ઉપર વિચારણા કરવા

(૭) પ્રમુખશ્રીની અનુમતિથી રજુ થાય તે.

નોંધઃ

(૧) કાર્યવાહક હાજરીના અભાવે મુલત્વી રહેલી સભા અર્ધા કલાક બાદ તેજ સ્થળે અને તેજ કામકાજ માટે ફરીથી મળશે.

(૨) બંધારણના સુધારા વધારા તથા ઠરાવો તા.૧૮.૦૮.૨૦૦૬ પહેલાં મંત્રીશ્રીને મુંબઈની નિયામક ઓફીસે મોકલી આપવા.

*લી.*

***ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

***માનદ્ મંત્રીઓ***

## શ્રી બાલાસિનોર સેવા સમાજ

### ૪૨ મી વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે મંત્રી નિવેદન

માનનીય પ્રમુખશ્રી અને સભાસદ ભાઈઓ.....

આજની આ વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌનું સ્વાગત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

સમાજ સંચાલીત શ્રી કલાવતીબેન કાંતિલાલ મહેતા આયુર્વેદીક ઔષધાલયનો અહેવાલ અમો રજૂ કરીએ છીએ.

### શ્રી કલાવતીબેન કાંતિલાલ મહેતા આયુર્વેદીક ઔષધાલયઃ

૧૨૦૯ નવા દર્દીઓએ  વર્ષ દરમિયાન લાભ લીધો છે. હાલમાં ઔષધાલયમાં વૈદ્યશ્રી રાજેશભાઈ ક્ષોત્રીય સેવા આપી રહ્યા છે. વર્ષ દરમિયાન સંસ્થા સ્થાપિત ચંપાબેન સ્મૃતિ ભવનમાં ચાલતાં ઔષધાલયમાં રૂા.૧,૩૭,૬૦૨.૩૪ ની નુકશાની આવી છે.જનતા ઔષધાલયનો વધું લાભ લેશે એવી અપેક્ષા. જરૂરીયાતવાળા દર્દીઓને સંસ્થા તરફથી રાહત આપવામાં આવે છે. શ્રી કનુભાઈ ધારીયા પણ એમના વાડાસિનોર મુકામ દરમિયાન એક્યુપ્રેસર સારવાર આપે છે જેનાથી ઘણા દર્દીઓને લાભ થયો છે.

આ સિવાય વર્ષ દરમિયાન ૧૨-૦૩-૨૦૦૬ ના રોજ વનોડા ગામે આયુર્વેદીક નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમાં કુલ ૮૭ દર્દીઓને તપાસીને ૭ દિવસની દવા વિના મુલ્યે અપાવામાં આવી હતી. જેનો ખર્ચ રૂા.૧૬૧૬/- થયો હતો.

**પૂરક સહાય ફંડ માટે દાન :**

આપણી સંસ્થાને દાતાઓ તરફથી જે દાનની ગંગા વહેવડાવામાં આવે છે તેના થકી આપણે દરીદ્રનારાયણોની સેવા કરી શકીએ છીએ. આપણે ફક્ત રૂા. ૩ લઈને દર્દીઓને દવા આપીએ છીએ.

આપણે કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટને મેડીકલ રીલીફ અને ડેવલપમેન્ટ માટે રૂા.૬,૦૦,૦૦૦/- ફાળવ્યા છે. સંસ્થાના પૂરક સહાયક ફંડમાં રૂા.૫,૬૨,૫૦૦/- નો વધારો થયો છે. સંસ્થા દ્વારા વર્ષે રૂા.૨૫,૦૦૦/- અથવા ૫,૦૦૦/- રૂપિયા પાંચ હજાર પાંચ વર્ષ સુધી સતત આપનાર અને રૂા.૧૨,૫૦૦/- અથવા રૂા.૨,૫૦૦/- પાંચ વર્ષ સુધી સતત આપનાર દાતાના નામની તકતી હોસ્પીટલનાં નવાં બીલ્ડીંગમાં મુકવામાં આવે છે.

તેમ જ રૂા. એક લાખ કે તેથી વધું રકમ આપનાર દાતાનું નામ જુદા પૂરક સહાય વિભાગની તકતી માં લખવામાં આવે છે તથા આવા દાતાનું જાહેર સન્માન પણ કરવામાં આવે છે. જે દાતાઓએ રૂા.૧૨,૫૦૦ કે રૂા.૨૫,૦૦૦/- નોંધાવ્યા હોય તે રૂા.એક લાખના દાતા બની શકે છે. આ ફંડમાં રૂા.૧,૦૦,૩૩,૭૧૯/- થયા છે. દાતાશ્રીઓનો સહકાર મળશે તેવી અપેક્ષા.

## દાતાશ્રીઓનો સન્માન સમારંભ

ચાલુ વર્ષે ૦૭.૦૩.૨૦૦૬ના રોજ નીચે મુજબનાં ચાર દાતાઓને સન્માનવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો.

(૧) શ્રી નર્મદાશંકર મોતીરામ ઠાકર (મેનપૂરાવાલા)
(૨) શ્રી નટવરલાલ મગનલાલ કડકીયા (લટકારી)
(૩) શ્રી દેવાંગ રજનીકાંત શાહ (નગરશેઠ)
(૪) શ્રીમતી સાવિત્રીબેન જયંતિલાલ કડકીયા (મરઘા)

આ પ્રસંગે ભાગવતાચાર્ય પ.પૂ. જગદીશભાઈ શાસ્ત્રીજી (ખંભાતવાળા) આર્શીવચન આપવા માટે પધારેલા.

**શ્રી બાલાસિનોર નાગરીક સહકારી બેંક ડોક્ટર્સ ક્વાર્ટર :**

શ્રી બાલાસિનોર નાગરીક સહકારી બેંક ડોક્ટર્સ કવાર્ટર્સ હોસ્પીટલના ડોક્ટરોને નિવાસ સ્થાન માટે હોસ્પિટલને નજીવા દરે ભાડે આપેલ છે.

**બ્લડ એનેલાઈઝર મશીન :**

ગત વર્ષે લલીતાબેન લલ્લુભાઈ શાહ (હાથીખાનાવાળા) તરફથી લેબોરેટરી વિભાગમાં બ્લડ એનેલાઈઝર વસાવવામાં આવેલ છે, જે મશીન કે.એમ.જી. હોસ્પિટલના પેથોલોજી વિભાગમાં વાપરવામાં આપેલ છે.

સંસ્થાને વિદેશમાંથી ડોનેશન લાવવામાં માટે (Foreign Contribution Regulation act 1976) અન્વયે મંજુરી મળી ગઈ છે. આકાયદાનો લાભ લઈ સંસ્થાના વિકાસ માટે પ્રયત્ન કરવાં આવ્હાન છે.

વર્ષ દરમિયાન અવસાન પામેલાં સભ્યોની અમે સખેદ નોંધ લઈએ છીએ. પ્રભુ સદ્‌ગતના શાંતિ આપે એવી પ્રાર્થના.

**આભાર :**

અંતમાં આભાર કોનો માનવો તે જ સમજાતું નથી. આભારનો ભાર અનહદ છે અને સંસ્થા તરફથી જે જે મહાનુભવોએ, સંસ્થાઓએ અને દાનવીરોએ તન, મન, અને ધનથી મદદ કરી છે તે સૌનો સંસ્થા વતી આભાર માનીએ છીએ.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘનો જ્યોતિપુંજમાં વખતો વખત સમાચાર આપવા બદલ આભાર માનીએ છીએ.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજનો સમાજની

કાર્યવાહક સમિતિની સભાઓ તથા વાર્ષિક સામાન્ય સભા તેઓના કાર્યાલયમાં યોજવા માટે પરવાનગી આપવા બદલ આભાર માનીએ છીએ.

આ પ્રસંગે અમો વૈદ્યરાજનો, સ્ટાફના ભાઈઓ તેમ જ પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે સહકાર આપનાર સૌનો અમો આભાર માનીએ છીએ. સંસ્થા દ્વારા આપણે વધું ને વધું સેવા કરવા પ્રયત્નશીલ રહીએ તે જ અભ્યર્થના .....

*લી.*

***ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

***માનદ્ મંત્રીઓ***

## સ્થાનિક સમિતિ સન ૨૦૦૫/૨૦૦૬

૧. શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ(ઠાસરાવાળા)
૨. શ્રી કીરતનલીલ મણિલાલ પારેખ
૩. શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ
૪. શ્રી વિનયકાંત ભીખાલાલ મોદી
૫. શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ
૬. શ્રી મનુભાઈ જટાસંકર પાઠક (તા.૨૫.૦૧.૦૬ સુધી)અવસાન થવાથી
૭. શ્રી કાંતીલાલ ચંદુલાલ કડકીઆ(ધરીવાળા)

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સ્વ. શ્રી કીર્તનલાલ સાંકરલાલ દેસાઈ (લાટવાળા) તથા સ્વ. પદમાબેન કીર્તનલાલ દેસાઈની સ્મૃતિમાં સંસ્થાને રૂા. ૧૧,૫૦૦/-નું માતબર દાન મળેલ છે. જેનો ન્યાસફંડમાં ઉમેરો કરવામાં આવેલ છે. **(હસ્તે : શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ)** સંસ્થા શ્રી રાજેન્દ્રભાઈનો તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ /ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ અને ટ્રસ્ટના દાતાઓનું બહુમાન કવાનો એક સમારંભ તા. ૧૭.૯.૦૬ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે બિરલા માતુશ્રી સભાગૃહ (મરીન લાઈન્સ) મુંબઈ -૨ ખાતે રાખવામાં આવ્યો છે.

દાતાઓની સંખ્યા આશરે ૮૫-૯૦ હોવાથી એક સાથે બહુમાન કરવું શક્ય ન હોવાથી બહુમાન સમારંભ બે ભાગમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. અગિયાર લાખ, પાંચ લાખ, અઢી લાખ કે એક લાખ આપનાર દાતાઓના અડધા અડધાના બે વિભાગો પાડી પ્રથમ બહુમાન તા. ૧૭.૯.૨૦૦૬ના રોજ અને બીજા તબક્કામાં બહુમાન આગામી નવેમ્બર - ડિસેમ્બર માસમાં કરવામાં આવશે. આ અંગે દાતાઓના નામની યાદી અંગ્રેજીમાં અટકથી શરૂઆત કરી આલ્ફાબેટીક પ્રમાણે તૈયાર કરવામાં આવી છે. આ પ્રસંગે એક કલાકનો મ્યુઝીકલ પ્રોગ્રામ પણ રાખવામાં આવ્યો છે.

***- યોગેશ ધારીઆ, પંકજ ધારીઆ - મા. મંત્રીઓ***

### શ્રી બાલાસિનોર નવયુક સંઘ સંચાલિત

## વાર્ષિક રસોત્સવ

શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (ધરીવાળા) પુરસ્કૃત રસોત્સવ તા. ૨૯.૧૦.૨૦૦૬ના રવિવાર સવારે ૯ કલાકે, સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીનલાઈન્સ, મુંબઈ.

ખાતે નવું નાટક રાખવામાં આવ્યું છે. તેની વધુ જાણકારી આવતા અંકમાં આપવામાં આવશે.

***સંયોજક : શિરીષ પરીખ***

***સેક્રેટરી : પ્રદીપ કડકીઆ***

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

## ૧૦ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

કે.એમ.જી. જનરલ હોસ્પીટલ ટ્રસ્ટની નવમી વાર્ષિક સામાન્ય સભા બુધવાર તા.૨૦.૦૯.૨૦૦૬ના સાંજે ૬.૩૦ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના **કાર્યાલય** ૪૫/૪૯, બાબુ ગેનુ રોજ, કાલબાદેવી, મુંબઈ - ૪૦૦ ૦૦૨ મધ્યે નીચે મુજબના કામકાજ માટે મળશે. તેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

**કામકાજ**

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને મંજુરી.

(૨) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ના વાર્ષિક અહેવાલને બહાલી આપવા.

(૩) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ના આવક-જાવકના સરવૈયા સહીતના અન્વેષિત હીસાબો, કે. એમ.જી. જનરલ હોસ્પીટ ટ્રસ્ટ અને કે. એમ. જી. જનરલ. હોસ્પીટલનાં મંજુર કરવા.

(૪) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે માનદ અન્વેષકની નીમણુક કરી માનદ મહેનતાનું નક્કી કરવા.

(૫) બંધારણના સુધારા વધારા તથા ઠરાવો પર વિચારણા કરવા.

(૬) પ્રમખશ્રીની અનુમતિથી રજુ થાય તે.

**નોંધ :** (૧) કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલી સભા અર્ધા કલાક બાદ તેજ સ્થળે અને તેજ કા***મકાજ માટે ફરીથી મળશે.***

***(૨) બંધારણના સુધારા***, વધારા તથા ઠરાવો તા.૧૮.૦૮.૨૦૦૬ પહેલાં મંત્રીશ્રીને મુંબઈની નીયામક ઓફીસે મોકલી આપવા.

લી. ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ માનદ્ મંત્રીઓ

---

આજે લોકો નાની નાની વાતોમાં દુઃખી થઈ જાય છે પરંતુ એક સમય એવો હતો કે જ્યારે નાનકડી તકલીફોના જીવનમાં સ્વાભાવિકતા તરીકે સ્વીકારી લેવામાં આવતી હતી. પતિ-પત્નીના વચ્ચેના કે માતા-પિતા અને સંતાનો વચ્ચેના રીસામણા અનિવાર્ય ગણાવામાં આવતાં હતાં. એનાથી જીવનનું સુખ છીનવાઈ જતું હોય એમ કોઈને લાગતું નહોતું. સુખના સાગરમાં સતત મહાલવાની વાત તો એક ગાંડપણ ગણાય એમ લોકો સ્વીકારતા હતા, ક્યારેક થોડાક દુઃખી હોવું - ચિંતા વિના, ફરિયાદ વિના, ઉશ્કેરાટ વિના - તે સુખી હોવાની એક નિશાની ગણાતી હતી.

---

### કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

- સ્વ. કીર્તનલાલ સાંકટલાલ દેસાઈ (લાટવાળા) તથા સ્વ. પદમાબેન કીર્તનલાલ દેસાઈની સ્મૃતિમાં રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ) નું દાન મળેલ છે. હસ્તે : રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ.

- શ્રી ગીરીશ કોદરલાલ કાપડીયાના સુપુત્ર વિરલ ના લગ્ન પ્રસંગે તા.૪.૭.૨૦૦૬ના રોજ રૂા. ૫૧,૦૦૦/- (એકાવન હજાર) નું દાન વખત મળેલ છે. આ સાથે તેઓ શ્રી તરફથી કુલ દાનની રમ રૂા. ૧,૦૧,૦૦૦/- (એક લાખ એક હજાર થઈ છે.)

સંસ્થા દાનાઓનો આભાર માને છે.

***કે.એમ.જી જનરલ હોસ્પિટલ***

***ધીરૂભાઈ શેઠ, રોજેન્દ્ર દેસાઈ (મંત્રીઓ)***

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

## ૧૦ મી વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે મંત્રી નિવેદન

માનનીય પ્રમુખશ્રી અને સભ્યશ્રીઓ,

આજની આ વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌનું સ્વાગત કરતાં આનંદ અનુભવીએ છીએ.

આપણી હોસ્પિટલમાં ૧૦૦ દર્દીના બિછાનાની સગવડતા છે. ક્યારેક તેનાથી વધારે દર્દીઓની સંખ્યા હોય છે ત્યારે પણ આપણે તમામ વ્યવસ્થા કરીએ છીએ.

આ સંસ્થાના વિવિધ વિભાગો તથા તેમાં વર્ષ દરમ્યાન દર્દીઓએ લીધેલા લાભ અથવા નીદાન નીચે પ્રમાણે છે. કુલ દર્દીઓએ લાભ લીધો છે અથવા નીદાન કરેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | ઈન્ડોર વિભાગ | ૨૬૪૦ |
| (૨) | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સુતિકા વિભાગ | ૫૭૧ |
| (૩) | કુટુંબ કલ્યાણ કાર્યક્રમ | ૭૧ |
| (૪) | મણીબેન મણીલાલ ધારીઆ ડિસ્પેન્સીંગ વિભાગ | ૨૩૮૪૬ |
| (૫) | મણીલાલ ચંદુલાલ પરીખ એક્સ-રે વિભાગ | ૫૬૬૯ |
| (૬) | ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ પેથોલોજી વિભાગ | ૧૦૯૫૮ |
| (૭) | લીલાબેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ | ૩૮૯૨ |
| (૮) | ઈચ્છાબેન મણીલાલ શાહ (ઝાટ) ઓપરેશન થીયેટર | |
| | પુનર્રચના સ્વ. પ્રવિણચંદ્ર મણીલાલ શાહ (ઝાટ)ના પરિવાર તરફથી | |
| (૨૬) | રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાલા) ઓપરેશન થીયેટર | |
| (૨૭) | મણીબેન સારંગી ઓપરેશન થીયેટર | ૧૯૪૫ |
| (૯) | ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) મોબાઈલ વિભાગ | ૫૧૧૫ |
| (૧૦) | પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ (લાલખાં) દંત વિભાગ | ૫૧૬ |
| | દંત વિભાગમાં એક્સ-રે પાડવામાં આવ્યાઃ | ૨૩૭ |
| (૧૧) | મોજીલાલ છોટાલાલ ધારીઆ ફીજીયોથેરેપી વિભાગ | ૨૭૩ |
| (૧૨) | શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી ઈ.એન.ટી. વિભાગ | ૧૨૨૦ |
| (૧૩) | મણીબેન ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ (બખલી) બાળ વિભાગ | ૫૩૭ |
| (૧૪) | બાલાસિનોર નાગરિક સહકારી બેન્ક ઓર્થોપેડીક વિભાગ | ૩૩૧૪ |
| (૧૫) | પુનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) ઈમરજન્સી વિભાગ | ૧૩૩૩ |
| (૧૬) | રમણલાલ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ | ૨૨૫૭ |
| (૧૭) | રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) ક્રીટીકલ કેસ વિભાગ | ૦૧ |
| (૧૮) | બાબુલાલ ગરબડદાસ દોશી ટી. બી. વિભાગ | ૩૮ |
| (૧૯) | ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ બર્ન્સ વિભાગ | ૧૭ |

(૨૦) મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ ૧૭૬૮
(૨૧) શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ ઉત્સવ હેમોગ્લોબીન વિભાગ ૧૮૮૭૬
(૨૨) લીલાબેન અને ડો. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ ૪૧૫
(૨૩) કાંતિલાલ ચંદુલાલ કડકીઆ (ધરીવાલા) એનેસ્થેશીયા વિભાગ ૧૯૪૫
(૨૪) નટવરલાલ ચીમનલાલ પરીખ (રાઠોડીયા) કાર્ડીયોગ્રામ વિભાગ ૩૭૩
(૨૫) શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ ૯૮૭૩
(૨૮) લીલાવતી કીરીટકુમાર કડકીઆ (ફાડીઆ) હેલ્થ ચેકઅપ વિભાગ ૬૯
(૨૯) શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગ (સાઈક્રીઆટીક વિભાગ)૪૬૪

## નવમો હૃદયરોગ નિદાન કેમ્પ :

હૃદયના રોગના નિદાનનો નવમો કેમ્પ બાલાસિનોરના વતની અને હાલ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ, અમદાવાદના ડૉ. ભૂપેશ ડી. શાહ (કાર્ડિયાક સર્જન) તથા ડૉ. યોગેશ ગુપ્તા એમ.ડી. મેડીસીન (ઈકો કાર્ડિયોગ્રાફી) ના સાથ અને સહકારથી તા.૧૫.૧૦.૦૫ ના રોજ યોજવામાં આવ્યો હતો. આ અન્વયે આ કેમ્પમાં ૮૭ દર્દીઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી જેમાં જરૂરીયાતવાળા દર્દીઓના કાર્ડીયોગ્રામ (ઈ.સી.જી.) ૭૯, ઈકો ૨૭, એક્સ-રે ૧૨ તેમજ પેથોલોજી ૧૮ ટેસ્ટ ફ્રી કરવામા આવેલ. આ કેમ્પમાં ઈકો કલર ડોપલર મશીનથી કરવામાં આવેલ.

## દસમો હૃદયરોગ નિદાન કેમ્પ :

હૃદયના રોગના નિદાનનો દશમો કેમ્પ ડૉ. ભૂપેશ ડી. શાહ (કાર્ડીયાક સર્જન) અને ડૉ. યોગેશે ગુપ્તા (એમ.ડી. મેડીસીન - ઈકોકાર્ડીયોગ્રાફી) ના સાથ અને સહકારથી તા. ૧૮.૨.૨૦૦૬ ના રોજ યોજવામાં આવ્યો હતો. આ અન્વયે આ કેમ્પમાં ૫૫ દર્દીઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. જેમાં જરૂરીયાતવાળા દર્દીઓના ઈ.સી.જી. ૪૦, ઈકો-૨૮, એક્ષરે-૦૨ તેમજ પેથોલોજીના ૦૨ ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. આ કેમ્પમાં ઈકો કલર ડોપલર મશીનથી કરવામાં આવેલ.

## શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથ-પગ કેમ્પ :

તા. ૨૪.૨.૨૦૦૬ ના રોજ આ કેમ્પ ઓર્થોપેડીક સર્જન ડૉ. મનિષભાઈ આર. શાહના સાથ અને સહકારથી રાખવામાં આવેલો. આ કેમ્પમાં કુલ ૫ (પાંચ) દરદીઓને કૃત્રિમ હાથ-પગ તેમજ કેલીપર્સ આપવામાં આવેલ. સદર કેમ્પમાં ખેડા જીલ્લો, પંચમહાલ જલ્લો તથા સાબરકાંઠા જીલ્લાના દરદીઓએ લાભ લીધો હતો.

## ૧૨મો પોલિયો કેમ્પ :

શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથ પગ કેમ્પ વિભાગમાં તા. ૨૪.૨.૨૦૦૬ ના રોજ બારમાં પોલિયો કેમ્પનું આયોજન ઓર્થોપેડીક સર્જન ડૉ. મનિષભાઈ આર. શાહના સાથ અને સહકારથી કરવામાં આવેલું જેમાં કુલ ૦૩ દર્દીઓને તપાસવામાં આવેલ અનેકુલ ૨ દર્દીનાં ઓપરેશન કરવામાં આવેલ અને કુલ ૨ દર્દીને કેલીપર્સ પૂરા પાડવામાં આવ્યા હતાં.

## ૧૮મો શ્રી પુનમચંદ છોટાલાલ દેસાઈ (વકીલ) નેત્રયજ્ઞ :

સહયોગી દાતા યોજના હેઠળ શ્રી કિરતનલાલ ભગનલાલ પરીખ હ. ઉર્ષિત પરીખ ના સહયોગથી

અને ઓપ્થોલમિક સર્જન ડો. અરૂણભાઈ ભદેના સાથ અને સહકારથી ''અઢારમો નેત્રયજ્ઞ'' રાખવામાં આવ્યો હતો. બાલાસિનોર ગામ અને તાલુકાના ૪૭ ગામડામાં ફરી કુલ ૧૦૧૦ દર્દીઓને તપાસવામાં આવેલ જે પૈકી કુલ ૨૨૭ દર્દીઓનાં ઓપરેશન કરવામાં આવેલ જેમાં ૨૧૫ નેત્રમણિના અને ૧૧ સાદા મોતિયાનાં ઓપરેશનનો સમાવેશ થાય છે. કેમ્પ દરમિયાન દર્દીઓને તથા દર્દી સાથેના એક સગાને બે બખત જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઓપરેશન કરાયેલ બધાં દર્દીઓને કાળા ચશ્મા તેમજ શ્રી કીરણકુમાર બાબુભાઈ દોશી રાહત ફંડ તથા અભ્યુદય ટ્રસ્ટના સહયોગથી ચોરસા વિતરણ કરવામાં આવ્યાં હતાં.

### નવમી ચશ્મા શિબિર :

હોસ્પીટલમાં નવમાં ચશ્માના વિતરણ કેમ્પનું આયોજન તા.૪.૩.૦૬ અને ૫.૩.૦૬ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૯૩૫ વ્યક્તિઓને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે બે ગામોમાં ભાંથલા અને ઓથવાડ મુકામે કેમ્પ રાખવામાં આવેલ. આ કેમ્પનાં મેસર્સ કે. મનોહર એન્ડ કું., મુંબઈનો સહયોગ મળ્યો હતો.

### દ્વિતીય ઈ.એન.ટી. નિદાન તથા ઓપરેશન કેમ્પ :

હોસ્પિટલમાં કાન, નાક અને ગળાના રોગોનો નિદાન તથા રાહત દરે ઓપરેશન અંગેનો બીજો કેમ્પ તા. ૧૯.૩.૦૬ ના રોજ રાખવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૪૩ દર્દીઓનું નિદાન ડો.વી.કે. કાતરિયા (એમ.એસ.ઈ.એન.ટી) એ કરેલું. જેમાં કુલ ૦૫ દર્દીઓને ઓપરેશનની સલાહ આપવામાં આવી હતી.

### દ્વિતીય ડાયાબીટીસ કેમ્પ :

હોસ્પીટલમાં ડાયાબિટીસ નિદાન અંગેનો બીજો કેમ્પ તા. ૫.૩.૦૬ ના રોજ રાખવામાં આવેલ. આ કેમ્પમાં ડો. શિશિરભાઈ પી. ગાધી (એમ.ડી.મેડીસીન) ચંદન હોસ્પિટલ, આંણંદ તેમજ બીજા સહયોગી ડોક્ટરોની ટીમે સેવા આપેલ. આ કેમ્પમાં કુલ ૭૭ દર્દીઓને તપાસવામાં આવેલ. જેમાં મફ્ત ઈ.સી.જી., ડાયાબિટીસ માટે જરૂરી ટેસ્ટ જેવા કે આંખના પડદાને થતું નુકશાન, પગની નસો માટે ડોપલર ટેસ્ટ વિગેરે ફ્રી. કરવામાં આવેલ.

### સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ :

હોસ્પિટલમાં સ્ત્રીઓને લગતા તમામ-પ્રકારના રોગનું નિદાન તેમજ ઓપરેશન જેવાં કે ગર્ભાશયની કોથળી કાઢવાનું, નીચેથી કોથળી કાઢવાનું, કુટુંબ નિયોજનનું તેમજ સીઝેરીયન (ઉપરથી બાળક લેવાનું) ઓપરેશન અંગેનો એક કેમ્પ તા. ૦૪.૦૨.૦૬ ના રોજ રાખવામાં આવેલો. આ કેમ્પમાં ગાયનેક ડો. રાનૂ વાર્ષ્ણેથ (એમ.ડી.ડી.જી.ઓ.) એ કુલ ૮૨ દર્દીઓને તપાસેલા. આ કેમ્પમાં કુલ.૫૭ (સત્તાવન) દર્દીઓનાં ઓપરેશનો ફ્રી કરવામાં આવેલ, જેમા એક્ષરે, લેબોરેટરી, ઓપરેશન તથા ઈનડોર મફત કરવામાં આવેલ. જરૂરીયાતવાળા દર્દીઓને દવામાં પણ રાહત આપવામાં આવેલ.

### પ્રથમ ફિજીશીયન કેમ્પ :

હોસ્પિટલ મારફત થર્મલ વિજળીબોર્ડની હોસ્પિટલમાં અમદાવાદના ખ્યાતનામ ફિજીશીયન ડો. જગદીશ પટેલ (એમ.ડી.મેડીસીન) દ્વારા તા.૧૬.૦૪.૨૦૦૬ ના રોજ એક કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં કુલ-૩૨ દર્દીઓએ લાભ લીધેલ ૬ ઈ.સી.જી. ફ્રી કરવામાં આવેલ. પાંચ દિવસની દવા મફત આપવામાં આવેલ.

### મેજર-માયનોર ઓપરેશન :

હાલમાં હોસ્પીટલમાં સર્જીકલ તેમજ ગાયનેકનાં ચાલુ ઓપરેશન ઉપરાંત હાડકાં વિભાગ,નેત્ર વિભાગ, કાન-ગળા-નાક વિભાગમાં ઓપરેશન થાય છે. હાડકાં

વિભાગમાં કુલ ૨૭૭ ઓપરેશન કરવામાં આવેલ હતા. તથા ઈ.એન.ટી. વિભાગમાં કુલ ૩૬૯ ઓપરેશન કરવામાં આવેલ હતાં. કોલ ઓન સર્જરીમાં પ્લાસ્ટિક સર્જન ડૉ. નીતિન ડી. શાહ (એમ.એસ., એમ.સી.એચ. (પ્લાસ્ટિક) તેમજ લેપ્રેસ્કોપીક સર્જન ડૉ. રજની કે. સંઘવી (એમ.એસ.લેપ્રો. સર્જરી)ની નિમણુંક કરવામાં આવેલ છે.

### શ્રીમતી લીલાવતી કીરીટકુમાર કડકીઆ (ફાડીઆ) હેલ્થ ચેક-અપ વિભાગ :

આ વિભાગમાં શરીરની સંપૂર્ણ તપાસ અને નિદાન કરવામાં આવે છે, જેમાં છાતીનો એક્સ-રે, કાર્ડીયોગ્રામ, સોનોગ્રાફી, પેથોલોજીને લગતા ટેસ્ટ જેવા કે સી.બી.સી + ઈ.એસ.આર, બ્લડ સુગર (ફાસ્ટીંગ) બ્લડસુગર (પીપી/ પીજી), લીવર પ્રોફાઈલ - બીલીરૂબીન (ટોટલ, ડાયરેક્ટ, ઈનડાયરેક્ટ), એસજીઓટી, એસજીપીટી, અલ્કાલીન ફોસ્ફેટસ, બ્લડ ગ્રુપ, લીપીડ પ્રોફાઈલ, ટ્રાઈગ્લીસેરીન્સ, કોલેસ્ટ્રોલ, એચડીએલ કોલોસ્ટ્રોલ, ટોટલ કોલેસ્ટ્રોલ/ રેશીયો, રેન્ટલ પ્રોફાઈલ, યુરીયા, એટીનીન, યુરીક એસીડ, યુરીન રૂટીન વિગેરે ટેસ્ટ કરવામાં આવે છે. તથા બધા રિપોર્ટ તૈયાર થયા પછી નિષ્ણાત ડોક્ટર પાસે તપાસણી કરવામાં આવે છે. અને માગદર્શન આપવામાં આવે છે. જેના માટે રૂા. ૨૦૦/- અંકે રૂપિયા બસો લેવામાં આવે છે.

આ વર્ષે કુલ-૬૯ દર્દીઓએ લાભ લીધો હતો.

### ઓપરેશન મિતિ યોજના :

ગત વર્ષથી જે ઓપરેશન મીતિ યોજના શરૂ કરવામાં આવી છે. તેમાં દાતાઓ રૂા. ૭,૫૦૦/- અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા આપી તારીખ લખાવી શકે છે. દરેક વર્ષે તે તારીખે હોસ્પિટલના બોર્ડ ઉપર દાતાએ આપેલ નામ લખવામાં આવે છે તથા દાતાને પોસ્ટકાર્ડદ્વારા તેની જાણ કરવામાં આવે છે. એક તારીખે એકથી વધારે દાતાઓના પણ નામ નોંધાવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૯૦ નામો નોંધવામાં આવ્યા છે. દાતાઓને વધારે નામો નોંધવવા વિનંતી કરવામાં આવે છે.

### શ્રી મણીલાલ છગનલાલ મોદી દરદી રાહત યોજના :

જરૂરિયાતવાળા દર્દીઓને દવામાં રાહત આપવામાં આવે છે.

હોસ્પિટલમાં નીચેના વિભાગો - વોર્ડો સ્થાપવામાં આવ્યા છેઃ

૧. શ્રી મણીલાલ ચંદુલાલ કડકીઆ
   - સ્પેશિયલ વિભાગ
૨. શ્રી જયંતિલાલ મોજીલાલ મોદી
   - પુરૂષ વિભાગ
૩. શ્રી શેઠ લલ્લુભાઈ નાથજીભાઈ બોરડીવાલા
   - સર્જીકલ વિભાગ
૪. શ્રી મંજુલાબેન કાંતિલાલ કડકીઆ
   - સ્ત્રી વિભાગ
૫. શ્રી દશાનીમા નવયુવક મંડળ સ્પેશિયલ વોર્ડ

### - શ્રી ચંદનબેન અને મણીલાલ છોટાલાલ ધારીઆ (દાઉદીઆ) નીયોનેટલ વોર્ડ :

હોસ્પિટલમાં શ્રી ચંદનબેન અને મણીલાલ છોટાલાલ ધારીઆ (દાઉદીઆ) નીયોનેટલ વોર્ડ સ્થાપવામાં આવેલ છે. તેને લગતાં તમામ સર્જીકલ ઈન્સ્ટ્રુમેન્ટસ પણ વસાવેલાં છે જે બાલાસિનોર તેમજ આજુબાજુ વસતા ગામડાઓના અધુરા માસે જન્મતા બાળકોનેલગતા પ્રસુતિના કેસો માટે આશીર્વાદરૂપ છે.

### શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) મેડીકલ સેન્ટર :

મેડીકલ સેન્ટરમાં ક્રીટીકલ કેર વિભાગ, ટી.બી. વિભાગ, બર્ન્સ વિભાગ આવેલા છે. તદઉપરાંત તેમાં શ્રી

અંબાલાલ લલ્લુભાઈ શાહ આરોગ્ય સુવિધા હોલ, શ્રી કાંતિલાલ લલ્લુભાઈ કડકીઆ ગ્રાઉન્ડ ફ્લોર અને શ્રી દમયંતિબેન શશીકાંત કડકીઆ પ્રથમ માળ આવેલાં છે.

ગત વર્ષ દરમિયાન હોસ્પિટલમાં સ્ટાફ-ક્વાટર્સ તથા હોસ્પિટલની વચ્ચેની જગ્યામાં નવાબ સરકાર સમયનો જૂનો કોટ તોડીને એક ગાર્ડન બનાવેલ છે. તેમજ જનરેટર રૂમ તથા પોસ્ટમોર્ટમ રૂમની આગળના ભાગે ખુલ્લી જગ્યામાં પણ એક ગાર્ડન બનાવવામાં આવેલ છે. આ બંને ગાર્ડનમાં દરદીઓના સગાઓને બેસવા માટે સિમેન્ટનાં બાંકડા નંગ ૧૫ (પંદર) શ્રીમતી ઈન્દુબેન રસિકલાલા ધારીઆ (દલાલ) તરફથી દાનમાં મળેલ છે. તેઓનો ખૂબખૂબ આભાર માનવામાં આવે છે.

હોસ્પિટલમાં ચાલુવર્ષે મનોચિકિત્સા વિભાગને દાતાનું નામ જોડવા માટે - વિભાગના નામકરણ માટે શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) હસ્તે શ્રી રસિકલાલ ધારીઆ તરફથી રૂપિયા પાંચ લાખનું માતબર દાંન મળેલ છે.

આ વિભાગનું નામ ''શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ)માનસિક વિભાગ'' આપવામાં આવેલ છે.

હોસ્પિટલમાં આંખનાં ઓપરેશનો વર્ષ દરમ્યાન લગભગ ચારસો જેટલાં વિનામૂલ્યે કરવામાં આવે છે. આ અંગે આંખનાં ટાંકા વગરનાં નેત્રમણિનાં ઓપરેશનો થઈ શકે તે માટેનું મશીન ''ફેકોમશીન'' વસાવવા માટે રૂપિયા આઠ લાખનું માતબર દાન ગ્રીન ફાઉન્ડેશન - સીકંદરાબાદ હસ્તે - શ્રીમતી કોકિલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) તરફથી મળેલ છે.

ચાલુ વર્ષે સદર ફેકોમશીન વસાવવામાં આવેલ છે. જેનાથી તાલુકાની પ્રજાને આ સુવિધાનો લાભ મળતો થયો છે જે દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે.

**દૂધ યોજના :**

હોસ્પિટલમાં દાખલ થયેલ દરેક દર્દીઓને સવાર-સાંજ બે વખત વિનામૂલ્યે દૂધ આપવામાં આવે છે

જરૂરીયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે તેમજ રાહત દરે દવાઓ આપવામાં આવે છે.

## હોસ્પિટલમાં વર્ષ દરમ્યાન રાહતો તથા ખોટ :

હોસ્પિટલમાં વર્ષ દરમ્યાન રૂા. ૧૨,૪૪,૮૧૦-૮૪ પૈસાની રાહતો અપાઈ છે. વર્ષ ૨૦૦૪-૨૦૦૫ની ખોટ તથા અગાઉના વર્ષની મળીને સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં રૂા. ૭૫,૦૮,૪૧૯-૦૦ની ગ્રાન્ટ મળી છે. જેમા સને ૨૦૦૩-૨૦૦૪ ના વર્ષની ગ્રાન્ટ રૂ. ૩૬,૬૦,૪૧૯.૦૦ અને સને ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષની ગ્રાન્ટ રૂા. ૩૮,૪૮,૦૦૦.૦૦ મળીને કુલ ગ્રાન્ટ મળી છે.

વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માં હોસ્પિટલમાં રૂા. ૯૦,૫૦,૯૪૦.૦૦ નો વધુ ખર્ચ થયો છે. માન્ય ખર્ચ માટે ગ્રાન્ટ વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં મળશે.

## હોસ્પિટલના નિભાવ તથા વિકાસ માટે ટ્રસ્ટને મળેલ દાન :

વર્ષ દરમ્યાન શ્રી બાલાસિનોર સેવા સમાજ તરફથી રૂા. ૬,૦૦,૦૦૦ અંકે રૂપિયા છ લાખ પુરા તથા અન્ય દાતાઓ તરફથી વિકાસ, સાધન દાન તથા ટ્રસ્ટના ભંડોળ માટે રૂા. ૧૭,૪૯,૪૨૬.૦૦ મળી કુલે ટ્રસ્ટ ભંડોળ વર્ષના અંતે રૂા. ૧,૫૧,૭૫,૨૮૭.૮૪ થયુ છે. સૌ દાતાઓને અભિનંદન.

પ્રસૂતિ વિભાગની બહેનોને વિનામૂલ્યે ભોજન આપવામાં આવે છે. હોસ્પિટલના ડીસ્પેન્સીંગ વિભાગમાં શક્ય તેટલી તમામ દવાઓ દર્દીઓને રાહત દરે પૂરી પાડવામાં આવે છે.

સંસ્થાની વિવિધ જરૂરીઆતોમાં દરીદ્રનારાયણોની

સેવા યજ્ઞમાં અને કવિધ નાણાંકીય સ્ત્રોત દ્વારા મળતી મદદ વગર અમારા માટે મુશ્કેલી ઉભી થાય. વિવિધ સંસ્થાઓ, રાજ્ય સરકારની,વ્યક્તિગત દાતાઓ, શુભેચ્છાકો તથા સ્થિતીપાત્ર દર્દી વગેરેની અનેક મદદો મળતી રહે છે.

આજે જ્યારે તબીબી ક્ષેત્રે મોંઘવારીએ માઝા મુકી છે ત્યારે કેવળ સરકારી ગ્રાન્ટ કે રોજીન્દી આવક ઉપર આવડી મોટી સંસ્થા કેમ કરી નભી શકે ? તેને જરૂર છે દાનવીરોની અને જો આપણા પછાત તાલુકાના ગરીબો અને મધ્યમ વર્ગના તેમજ જરૂરીયાતમંદ દર્દીઓ માટે નાણાંનો પ્રવાહ વહેડાવવામાં ન આવે તો સંસ્થા લાંબુ ટકી શકે નહિ તે નિર્વિવાદ છે, તે છતાં આપણી હોસ્પિટમલમાં આવતા તમામ દર્દીઓ પોતાની જરૂરિયાત મજબ પ્રાથમિક સારવાતી માંડીને ઓપરેશન સુધી વંચિત ન રહે તે અંગે સંપૂર્ણ કાળજી પૂર્વક સુવિધાઓ આપવા કૃતનિશ્ચયી છીએ.

**પ્રશસ્તિપત્ર :**

ચાલુ વર્ષે રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્ય અંધત્વ નિયંત્રણ સોસાયટી , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્યના કમિશનરશ્રી (આરોગ્ય) ડૉ. અમરજીતસીંઘ (આય.એ.એસ.)ના વરદહસ્તે સંસ્થાનું યોગદાન અને સંકલન ખૂબજ પ્રશંસનીય અને નોંધપાત્ર રહેવા બદલ ''પ્રશસ્તિપત્ર'' મળેલ છે. જે આ અહેવાલના મુખ્ય પૃષ્ઠ ઉપર છાપવામાં આવેલે છે.

**દાતાશ્રીનો સન્માન સમારંભ :**

ચાલુ વર્ષે તા.૭.૦૩.૨૦૦૬ ના રોજ ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર નીચેના ત્રણ સખાવતી દાતાઓનું સન્માન કરવા માટેનો એક સમારંભ રાખવામાં આવેલો.

૧) મોદી એન્ડ મોદી ચેરીટેબલ ટ્રસ્ટ,
૨) શ્રીમતી કોકીલાબેન જયંતીલાલ કડકીઆ (વલ્લભધેલા)
૩) શ્રીમતી સ્વાતી શરદ કડકીઆ (વલ્લભધેલા)

આ પ્રસંગે ભાગવતાચાર્ય પ.પૂ. જગદીશભાઈ શાસ્ત્રીજી (ખંભાતવાળા) આર્શીવચન આપવા માટે પધારેલા.

વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભ્યોની અમો સખેદ નોંધ લઈએ છીએ. પ્રભુ સદગતના આત્માને શાંતી આપે એવી પ્રાર્થના.

**આભાર દર્શન:**

આ તકે અમો ગુજરાત રાજ્ય આરોગ્ય વિભાગ તરફથી મળેલ ગ્રાન્ટ માટે (જે રકમ હિસાબોમાં દર્શાવેલ છે), તેનો પણ જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

હોસ્પીટલમાં પોતાની સેવા આપતા તમામ ડોક્ટરશ્રીઓ, વિઝીટીંગ ડોક્ટરો, કોલઓન ડોક્ટરો તથા કર્મચારીગણ તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનારસૌનો હાર્દિક આભાર માનીએ છીએ.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘનો જ્યોતિપુંજમાં વખતો વખત સમાચાર આપવા બદલ આભાર માનીએ છીએ.

હોસ્પીટલમાં હેવી જનરેટર શ્રી ડો. કિરીટકુમાર મણીલાલ ધારીઆ (દાઉદીઆ) તરફથી મળેલ દાનમાંથી વસાવેલ છે.તેને અત્યાર સુધી મેન્યુઅલી ચેઈન્જ ઓવર સ્વીચથી ઓપરેટ કરતા હતા.

જ્યારે મધ્ય ગુજરાત વીજ કંપનીનો વિદ્યુત પ્રવાહ બંધ થતાં આપ મેળે ડીઝલ એન્જીન ચાલૂ થઈ જનરેટર મારફત હોસ્પિટલનો વિદ્યુત પ્રવાહ અખંડ રાખવો તથા મધ્ય ગુજરાત વીજ કંપનીનો વિદ્યુત પ્રવાહ ફરી પાછો ચાલુ થતાં આપ મેળે જનરેટરનો વિદ્યુત પ્રવાહ બંધ કરવો, ડિઝલ-એન્જીન પણ બંધ કરવુ તથા હોસ્પિટલની મુખ્ય લાઈનમાં મધ્ય ગુજરાત વીજ કંપનીનો વિદ્યુત પ્રવાહ વહેતો કરવાં માટે AMF પેનલ

તૈયાર કરીને જનરેટર ઓટોસ્ટાર્ટ અને ઓટોસ્ટોપ થાય તે અંગે ''પોપ્યલર પાવર કન્ટ્રોલ પ્રા.લી.'' વડોદરાના શ્રી મહેશભાઈ કડકીયા (બનડા) તરફથી વિનામૂલ્યે સુવિધા ચાલુ કરવામાં આવેલ છે. તેઓનો આ તબક્કે ખૂબખૂબ આભાર માનવામાં આવે છે.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજનો ટ્રસ્ટની ટ્રસ્ટીમંડળની તેમજ વાર્ષિક સામાન્ય સભા તેઓના કાર્યાલયમાં યોજવા માટે પરવાનગી આપવા માટે આભાર માનીએ છીએ.

અંતમાં આપ સૌ સભ્યો તમારો કિંમતી સમયનો ભોગ આપી અને પધાર્યા છો તે બદલ ખુબ ખુબ આભાર.

*લી.*
*શ્રી. ધીરૂભાઈ શેઠ, શ્રી. રાજેન્દ્રભાઈ દેસાઈ*
*માનદ્ મંત્રીઓ*

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ
# શ્રી ફગવા ઉત્સવના મનોરથ અંગે

પ્રિય વૈષ્ણવો,

ગયા મહીનાના 'જયોતિપુંજ' માં છપાવ્યું હતું કે બે વર્ષ માટે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજને ફગવાના ઉત્સવો ઉજવવા માટે મનોરથીઓની જરૂર છે. આઠ દિવસ પણ થયા નથી અને બંન્ને વરસના ફગવા ઉત્સવના મનોરથનાં નામો આવી ગયાં છે. ચાલુ વર્ષ ૨૦૦૭ ના મનોરથ પ.ભ. જીતેન્દ્રકુમાર કાંતિલાલ મોદી બન્યા છે. ૨૦૦૮ માટેના મનોરથી શ્રી રમેશચંદ્ર રમણલાલ ધરિયા (શહેરાવાળા)નો પરિવાર તથા ૨૦૦૯ ના મનોરથ તરીકે સદગુણબેન નવનીતલાલ દેસાઈ નું નામ મલ્યુંછે. આ ત્રણે મનોરથીઓ ધન્યવાદને પાત્ર છે.

કીર્તનના પુસ્તકના મનોરથી ઓ અંગે.

જે કોઈ ભાઈ -બેનને પુસ્તકના મનોરથી તરીકે પોતાનાં નામો લખાવ્યાં કે તમાનાં ઘણા ભાઈઓની રકમ આવવાની બાકી છે. તો આથી વિનંતિ કરવાની કે જેના પૈસા બાકી છે તેઓ ૩૦મી સપ્ટેબર સુધી રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર) પુરા નવનીતભાઈ સરકારને પહોચાડી દે. આ પુસ્તકની વિમોચન વિધિ ઘણુખરૂ મહાઓચ્છવના શુભ દિવસે કરવા વિચાર્યું છે. આ અંગે જાહેરાત હવે પછી કરવામાં આવશે.

*સંચાલક*
*નવનીતલાલ. સી. પરાવ (સરકાર) મંત્રીના, જયજય*
*શ્રી ગોકુલેશ*

# જિંદગી : સમય અને સંસાર સાથેનો પ્રેમનો કજિયો

લાંબે ગાળે મળેલા મિત્રો કહે છે : ''હવે તો તું 'સેટ' થઈ ગયો છે!'' પ્રવીણ કહે છે : ''કારણ કે મેં એક ફ્લેટ વેચાતો લીધો છે.... થોડું ફર્નિચર વસાવ્યું છે. એક પત્ની વસાવી છે..... અને બેન્કમાં કાયમી પોસ્ટ પર નોકરી મેળવી છે.'' આ થોડા ફર્નિચરની સાથે ખરીદેલા ફ્લેટમાં એક નોકરી અને એક છોકરીને (પત્નીને) મેળવીને પ્રવીણભાઈ પોતે મનથી જાતે 'સેટ' છે કે 'અપસેટ' છે તે તો એનો માંહ્યો જ જાણતો હોય.

આવડું મોટું વિશ્વ... એ વિશ્વનું મહાનગર મુંબઈ. એ મુંબઈમાં એકદમ નાનકડું પરું... વિરારથી લઈને દહીંસર સુધીનાં પરાંઓમાંને એક પરામાં અથવા તો ચાલો, બોરીવલીમાં કે બીજે કશેક ઠેકાણે, સ્ટેશનથી ખૂબ જ દૂર એવા ઉજ્જડ એરિયામાં એક વન રૂમ કિચનના ફ્લેટના રસોડામાં ગરમીમાં ને અંધારામાં પ્રવીણભાઈની પત્ની રાજીની રેડ થઈ જતી હોય : હાશ, કેટકેટલાં વર્ષ પછી ગંધાતી ચાલમાંથી છુટકારો મળ્યો ! પત્નીનો આ રાજીપો ખરો છે કે ખોટો ? માત્ર મનને સમજાવવા માટેનો છે ? મનમાં તો એની કૉલેજની જૂની મિત્ર જે વાલકેશ્વરમાં આલિશાન બંગલામાં રહે છે, એની સાથે અનાયાસે પોતાના ઘરની ને પોતાની જિંદગીની ઘણીવાર સરખામણી થઈ જાય છે. બીજી બાજુ પેલી વાલકેશ્વરમાં રહેતી પ્રવીણભાઈની પત્નીની મિત્ર મનમાં ને મનમાં મૂંઝાતી હોય છે, કેમકે દુનિયાની દૃષ્ટિએ એની પાસે શું નથી ? આટલો મોટો બંગલો, આધુનિક ફર્નિચર, પાંચ-સાત ગાડી, ચાર-છ નોકર-ચાકર, ફાર્મમાં, કલબમાં હરવું-ફરવું..... શું નથી ? પોતાના ઘરમાં વિડિયો સેટ છે, ટી.વી. સેટ છે, રેડિયો સેટ છે, ટી સેટ છે, સોફાસેટ છે, તેમ છતાંય માંહ્યલું મન જ ભલા કેમ 'અપસેટ' છે ? એક બાજુ વિરારમાં વસતી કે માત્ર શ્વસતી સામાન્ય ગૃહિણીને મનથી ચેન નથી. જંપ નથી, તો બીજી તરફ વાલકેશ્વરમાં બંગાલામાં મહાલતી મૉડર્ન મહિલા પણ સુખી નથી. બંને સ્ત્રીની મૂંઝવતી માનસિક સ્થિતિનું કારણ તેમને પતિ ઓ છે કે પૈસો છે કે ખૂબ જ ઝડપી શહેરનું જીવન છે ?

આ પ્રવીણભાઈ..... કવિ પ્રવીણ રાઠોડ જેવા કેટલાય માણસો ઈચ્છાએ કે અનિચ્છાએ મશીનની જેમ જીવતા હોય છે. કવિ પ્રવીણના દામ્પત્યજીવનની કવિતામાં જરા ઊડતી નજર કરી લઈએ. તેઓ કહે છે :

***''વહેલી સવારે ઉતાવળથી વંચાતા... અખબારની***
***જેમ જ .... ઊડતી નજરે....જોઉં લઉં છું... પત્નીને''***

એક પુરુષને પૈસો કમાવો છે એ જીવન-જરૂરિયાત છે, માટે વહેલી સવારે ભાગે છે. બીજા પુરુષને પૈસા કમાવવાન નશો છે, માટે મોટરગાડીમાં દોડેછે. બધી જગ્યાએ ભાગદોડ છે. નિરાંતે જીવે, ટાઢે કોઠે પતિ-પત્નિને અરસપરસ પ્રેમ કરવાનો સમય જ ક્યાં છે ? પ્રવીણભાઈ જેવાની તો પત્ની પણ નોકરી કરતી હોય. ઘરમાં પતિનો 'Ego' ભાગદોડને લીધે સંતોષી ન શકતી હોય, પરંતુ ઑફિસમાં બબૂચક જેવા 'બૉસ'નો 'Ego' સંતોષવો પડતો હોય, ભલે મજબૂરીથી... પતિ પણ આ વાત સારી રીતે સમજીને ચલાવી લેતો હોય. બાપડો કરે શું ?..... હાં, તો આપણે વાત કરતાં હતાં.... અખબારની અને પત્નીની... પેપર અને પત્ની.... પેપર દસ-વીસ મિનિટમાં કે સમજો અર્ધા કલાકમાં વાંચી શકાય છે. પણ પત્નીને ? પત્નીને વાંચતા-વાચંતા તો આખો જન્માનો જતો રહે છે અથવા ઓછો પડે છે. પેપરની જેમ પત્નીને કાંઈ આટલી ઝડપથી થોડી વાંચી શકાય કે સમજી શકાય છે ? વળી આજનું પેપર તો વાસી થતાં બીજા દિવસે કશા કામનું રહેતું નથી. જ્યારે પત્ની ? પત્ની તો જેમ જૂની થાય છે તેમજ તેની કિંમત થાય છે, એનું મૂલ્ય સમજાય છે. મદિરા, મિત્ર અને પત્ની

એ જેટલાં જૂની હોય એટલાં વધુ ને વધુ મૂલ્યવાન સાબિત થાય છે. જૂની પત્નીના સંદર્ભમાં જરા એક વાત.... ડિટેક્ટિવ વાર્તાલેખિકા આગાથા ક્રિસ્ટીએ પોતાના ભૂસ્તરશાસ્ત્રી આર્કિઓલોજિસ્ટ પતિ મેક્સ મેલોવન સાથે ૪૫ વર્ષનું સુખી લગ્નજીવન ગુજાર્યું..... આગાથા ક્રિસ્ટીનો અભિપ્રાય હતો કે...'કોઈ પણ સ્ત્રી માટે આર્કિઓલોજિસ્ટ શ્રેષ્ઠ પતિ છે! પત્નિ જેમ-જેમ જૂની થતી જાય છે એમ એને વધારે રસ પડતો જાય છે.' (એક જ પત્ની કે પતિની સાથે ૨૫-૫૦ વર્ષ કાઢવાં એ ખાવાના ખેલ નથી. ખરેખર એવા દંપતીઓને ઍવૉર્ડ આપવા જોઈએ.) માત્ર આર્કિઓલોજિસ્ટ પતિ માટે જ નહીં, પરંતુ ઘણાખરા પતિોને માટે જૂની ને જાણીતી પત્ની આશીર્વાદ સમાન સાબિત થાય છે.

પેરિસમાં એક પ્રખ્યાત લેખિકા કોલેટ કે જેમણે દુઃખ અને દર્દની કરુણ ને દયાજનક સ્થિતિમાં બહુ સુંદર લેખનકાર્ય કર્યું છે. આટલી ઉચ્ચ કક્ષાની લેખિકાની માનસિક સ્થિતિ કેટલી કરુણાર્દ્ર છે! કહે છે : ''મારે મારું ઘર ક્યાં શોધવું? મારું ઘર ક્યાં છે? મારી અંદર જ મારી યાતનાઓના પોપડા હું ખોદું છું અને આ અસહ્ય યાતનાઓની વચ્ચે ક્યાંક ગુફા બનાવું છું.''

કોલેટ પચાસ વર્ષની ઉંમરે જે પુરુષને પરણી તેણે પોતાની આ પત્નીને શ્રેષ્ઠ અંજલિ આપી છે.

કોલેટના અવસાન પછી તેના પતિએ કહ્યું : ''કોલેટ સાથે ત્રીસ વર્ષ હું જાણે પરીઓની દુનિયામાં જ રહ્યો છું.''

કોલેટની કેટલી સમજદાર સ્ત્રી, પત્ની હોય છે! દરેક પત્ની - એ પછી એ વિરારની હોય કે વાલકેશ્વરની હોય, કોલેટની આ વાતનો સમજીને સ્વીકાર કરે તો પતિને મન તે માદક, ઉત્તેજક, ટેન્શનમાથી રીલિફ આપે એવી, જૂની મદિરા જેવી મૂલ્યવાન બની રહે છે.

કોલેટની વાત સાચી છે : ''માણસની જિંદગી સમય અને સંસાર સાથેનો લાંબો કજિયો છે. ઝઘડો તો છે, પણ તેને પ્રેમનો ઝઘડો બનાવ્યા વિના છૂટકો નથી.''

*- સંકલન*

# ગણેશ મુકતપંચિકા

**હે, ગજમુખી**
**વિઘ્નકરણ**
**ભાલે સિંદૂર શોભે**
**તું મહાકાય**
**તને નમન**



**તું છો સૂંઢાળો**
**વર દેનારો**
**રિધ્ધિ સિધ્ધિનો દાતો**
**શિવનો લાલો**
**ગૌરી દુલારો**

**હે ગણરાયા**
**તમે દુંદાળા**
**બાપ્પા મોરીયારે**
**મ્હેર કરોને**
**હે લંબોદર**



**ભલે પધાર્યા**
**શિવ સુતાય**
**તું વેદવિનાયક**
**ગૌરી સુતાય**
**સુસ્વાગતમ્**

**દુર્વા, જાસુદ**
**તુજને વ્હાલાં**
**મુષક છે વાહન**
**મંદાર પુષ્પ**
**તુજ અર્પણ**



*- નિલા કડકીઆ*

# બાલાસિનોર જ્ઞાતિના સખાવતી દાતાઓનું સન્માન

## અગત્યની જહેરાત

શ્રી બાાસિનોર પ્રગતિ સમાજ તેમ જ શ્રી.વાડાસિનોર દશાનીમાં વિદ્યોતેજક મંડળ તરફથી બાલાસિનોર દશાનીમા વણિક રવિવાર તા. ૫.૧૧.૨૦૦૬ ના દિવસે સવારના ૯.૩૦ કલાકે શ્રી. બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ ખાતે સવારના ૯.૩૦ કલાકે યોજવામાં આવેલ છે.

સન્માન સમારંભ પુરો થયા બાદ જમણવારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

જ્ઞાતિના સર્વે ભાઈ બહેનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા આગ્રહભરી વિનંતિ છે.

***પંકજ ધારીઆ (લાલખાં), ભદ્રેશ ધારીઆ (લાલખાં)***
***માનદ્ મંત્રીઓ - શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ***
***અસીત રમેશચંદ્ર દેસાઈ, કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***માનદ્ મંત્રીઓ - શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ***

## દિવાળી બક્ષિસ

પ્રતિ વર્ષ અન્ન સહાય અથવા આર્થિક સહાય લેનાર કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦/-ની રોકડ સહાય આપવામાં આવે છે. આ વર્ષે પણ દિવાળી નિમિત્તે કુટુંબદીઠ રૂા. ૫૦૦/- આપવામાં આવશે. તા. ૧૪.૧૦.૦૬ને શનિવારથી બપોરના ૪ થી ૬ ના સમયમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી શ્રી કિર્તીભાઈ લટકારી પાસેથી રકમ મેળવી લેવા વિનંતી છે.

***- રજની લટકારી***

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

**અગિયારમો હાર્ટ કેમ્પ :** બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તારીખ ૨૯.૭.૨૦૦૬ને શનિવારના રોજ રાખવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના કાર્ડીયાક સર્જન ડૉ. ભૂપેશ ડી. શાહ (કાર્ડીયાક સર્જન ડૉક્ટર) તથા ડૉ. યોગેશ ગુપ્તા (એમ.ડી. મેડીસન) (ઈકો કાર્ડીયોગ્રાફી)એ સેવાઓ આપેલ.

આ કેમ્પમાં કુલ ૯૭ દર્દીઓ નોંધાયેલા તે પૈકી ૬૬ દર્દીઓએ લાભ લીધેલ છે. ૫૪ ઈ.સી.જી. (કાર્ડીયોગ્રામ ઈકો-૩૪ ફ્રી કરવામાં આવેલ છે. તેમજ એન્જીયોગ્રાફી માટે ૧૫ તથા ટી.એમ.ટી. માટે ૨૦ દર્દીઓને વધુ સારવાર માટેની સલાહ આપવામાં આવેલ છે.

**સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ :** બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં ગાયનેક નિદાન કેમ્પ તા. ૨૯.૭.૦૬ના રોજ રાખવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૧ દર્દીઓ તપાસ્યા. આ પૈકી થોડા દર્દીઓને ઓપરેશન અંગે જરૂરી ટેસ્ટ બાદ ઓપરેશન કરવામાં આવશે. આ કેમ્પમાં એક્ષરે, લેબોરેટરી તથા ઓપરેશન મફત કરી આપવામાં આવશે. તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને દવામાં રાહત આપવામાં આવશે.

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સુધારો

જુલાઈ ૨૦૦૬ ના અંકમાં પાના નં.૧૮ ઉપર શ્રી નીતીન સુરેન્દ્ર પરીખ (ચા ગરમ) ને મળેલ મતો ૨૪૯ ને બદલે ૩૪૯ વાંચવા જેની નોંધ લેવી.

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

## ૮૨મી વાર્ષિક સામાન્ય સભા

ઉપર્યુક્ત મંડળના સભાસદોની ૮૨મી વાર્ષિક સામાન્ય સભા સોમવાર તા.૨૫.૯.૨૦૦૬ના રોજ સાંજના ૬.૩૦ કલાકે મંડળની ઓફિસ ખાતે આયોજિત કરવામાં આવેલ છે. દરેક સભ્ય ભાઈ બહેનોને સમયસર હાજર રહેવા આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે.

આ દિવસે શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૨૦૦૬ની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી મિત્રોને મંડળના પ્રમુખ શ્રી. મધુસુદન ભીલાલાલ કડકીઆ (ફાડિયા)ના હસ્તે ઈનામોની વહેંચણી કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

સહર્ષ જણાવવાનું કે મંડળ દ્વારા આર્થિક સહાય મેળવી ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસાર્થે પરદેશ જનાર વિદ્યાર્થી મિત્ર શ્રી સંજય સુરેષચંચદ્ર શાહ (નાસિકવાલા), (શ્રી. સુરેષચંદ્ર દિનકરલાલ શાહ (નાસિકવાલા) તેમજ શ્રીમતી વિલાસબેન સુરેશચંદ્ર શાહના સુપુત્ર) તરફથી રૂા. ૨૧,૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ હજાર પુરા) પ્રાપ્ત થયેલ છે.

મંડળના કાર્યક્રર્તાઓ તેમજ ટ્રસ્ટીગણ હાર્દિક આભાર માનતા હર્ષની લાગણી અનુભવ છે.

***અસીત રમેશચંદ્ર દેસાઈ,***
***કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) - માનદ મંત્રીઓ***

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

### નીચે મુજબનુ દાન સંસ્થાઓને પ્રાપ્ત થયેલ છે

સ્વ. કીર્તનલાલ સાંકરલાલ દેસાઈ (લાટવાળા) તથા સ્વ. પદમાબેન કીર્તનલાલ દેસાઈની સ્મૃતીમાં હસ્તક રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ.

| | | |
|---|---|---|
| ૧૧,૦૦૦/- | બાલાસિનોર | પ્રગતી સમાજ |
| ૧૧,૦૦૦/- | બાલાસિનોર | વિદ્યોતેજક મંડળ |
| ૧૧,૦૦૦/- | બાલાસિનોર | વિદ્યા મંડળ |
| ૧૧,૦૦૦/- | બાલાસિનોર | નવયુવક સંઘ |

***કન્વીનર - ભંડોળ સમિતિ***

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## ૧૦મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

સભ્યો જોગ,

ઉપરોક્ત સમાજની ૧૦મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૪.૯.૨૦૦૬ ના દિવસે સવારે ૧૦.૦૦ કલાકે સમાજના પ્રમુખ શ્રીયુત કાંતિલાલ લાલચંદ દોશીના પ્રમુખસ્થાને લાડની વાડી, ૧ લે માળે, સી.પી.ટેંક, મુંબઈ મુકામે નીચેનું કામકાજ કરવા માટે રાખવામાં આવી છે.

સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

**એજન્ડા :**

૧) ૯ મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટસ વાંચી તેને પસાર કરવા.
૨) ૨૦૦૫-૨૦૦૬ (તા. ૧.૪.૨૦૦૫ થી ૩૧.૩.૨૦૦૬) સુધીના આવક જાવકનો હિસાબ રજુ કરી તેને પસાર કરવા.
૩) મંત્રીશ્રીનું નિવેદન
૪) ૨૦૦૬-૨૦૦૭ના આવક જાવકના હીસાબો અન્વેષિત કરવા એક અન્વેષકની નિમણુંક કરવા તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.
૫) બંધારણ ઉપર કોઈ સૂચનો આવ્યા હોય તો તે ઉપર ચર્ચા કરવા.
૬) બંધારણની કલમ ૭ (૧) મુજબ સમિતિના બધા જ ૨૭ સભ્યો ફારેગ થતા હોઈ બધા જ (૨૭) સભ્યોની ચૂંટણી કરવા.
૭) ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખશ્રીની ચૂંટણી કરવા
૮) પ્રમુખશ્રીની અનુમતિથી રજૂ થાય તે.

***લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી***
***નવનીતલાલ સી. પરીખ (સરકાર) - મંત્રી***

**નોંધ :** કોરમના અભાવે મુલતવી રહેલી સભા તેજ દિવસે અને તેજ સ્થળે અડધા કલાક પછી ઉપરોક્ત કાર્યવાહી હાથ ધરશે.

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપર્યુક્ત મંડળની કાર્યવાહક સમિતિની ૪થી સભા, બુધવાર તા.૨૩.૮.૨૦૦૬ ના દિને શ્રી નવનીતલાલ સાકરલાલ ધારીઆના પ્રમુખ પદે; પ્રગતિ સમાજની ઓફિસમાં મળી હતી. આ સભામાં વાર્ષિક સામાન્ય સભા માટેનું મંત્રી નિવેદન-અહેવાલ, વર્ષ ૨૦૦૫-૨૦૦૬નો હિસાબ વગેરે રજૂ કરવામાં આવ્યા.

૨૦૦૬-૨૦૦૭ થી ત્રણ વર્ષ માટે કાર્યવાહક સમિતિની ખાલી પડતી પાંચ બેઠકો માટે પાંચ ઉમેદવારી પત્રો આવ્યા હોવાથી ચૂંટણીની આવશ્યકતા નથી રહેતી.

### શ્રી બાલાસિનોર કેળવણી મંડળ
### વાર્ષિક સામાન્ય સભા

શનિવાર : તા. ૩૦.૯.૨૦૦૬
સમય : સાંજે ૬.૩૦ કલાકે
સ્થળ : શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ બાબુ ગેનુ રોડ, ઓફ કાલબાદેવી રોડ.

સૌ સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

*જતીન દેસાઈ , ચંદ્રકાન્ત દેસાઈ(મંત્રીઓ)*

**નોંધ : વાર્ષિક અહેવાલ સભ્યોને મોકલવામાં આવ્યો છે.**

## કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

ઓપરેશન મીતી યોજનામાં નીચેના દાતાઓના નામ શરતચુક્તથી રહી ગયા છે. ક્ષતી બદલ દર ગુજર

(૧) રણજીત ઓચ્છવલાલ પરીખ (બખલી)
સીકંદરાબાદ ૭૫૦૦.૦૦

(૨) સરોજ રણજીત પરીખ,
સીકંદરાબાદ ૭૫૦૦.૦૦

*રાજેન્દ્ર દેસાઈ (મંત્રી)*

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલીત
## ''શ્રી મુક્તીધામ યોજના''

જેનો જન્મ છે તેનો અંત નિશ્ચિત છે

૧૦૦વર્ષ જીવશો એવા આશીર્વાદ પણ ઘણાં આપે છે

પણ છતાં મોત ને કોઈ અટકાવી શકતુ નથી.

ઉપરોક્ત મંડળ દ્વારા શ્રી મુકતીધામ યોજના શરૂ કરવામાં આવી છે. જરૂરીયાતમંદ કુંટુંબમાંથી આ યોજનાનો લાભ લઈ શકશે. આ યોજના હેઠળ મૃત્યુ પામેલી વ્યક્તિ નો ક્રીયાકર્મ નો ખર્ચ (સ્માશાનમાં) જે થાય છે તેનો ખર્ચ મંડળ પોતાની બજેટ મર્યાદામાં રહીને આપી શકશે.

આ અંગે મુંબઈ ખાતે બન્ને મંત્રીઓ શ્રી યોગેશ ધારીઆ અથવા શ્રી. પંકજ ધારીઆ તથા બાલાસિનોર ખાતે શ્રી. મણીકાંત કડકીયા અથવા શ્રી. ટીનુ ચોકસીમાંથી કોઈનો પણ સંપર્ક કરવો.

*પ્રમુખઃ શ્રી. રજનીકાંત કડકીયા (લટકારી)*

**શ્રી. વાડાસિનોર દશાનીમાં નવયુવક મંડળ** સંચાલિત શ્રીમતી પુષ્પાબેન રસીકલાલ રમણલાલ કડકીઆ લગ્ન રાહત યોજના હેઠળ જરૂરીયાતમંદ કુંટુંબોમાં દીકરા અથવા દીકરીના લગ્ન પ્રસંગે મંડળ પોતાની બજેટ મર્યાદામાં રહીને ખર્ચ આપી શકે છે.

આ યોજનાનો લાભ લેવા મંત્રીઓને સંપર્ક કરવો.

*સંચાલક - યોગેશ ધારીઆ, પંકજ ધારીઆ, માનદ મંત્રીઓ*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **રાકેશ જયંતિલાલ શાહ**
મયુરી કો.ઓ. હા. સો. લી., બી-૩૮, ૧ લે માળે,
રૂમ નં.-૬૩, ઓલ્ડ આનંદ નગર, દહીંસર (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૬૮ ફોનઃ ૩૨૪૪૮૩૧૦
મો.:૯૮૨૦૫૦૯૧૧૪,૯૩૨૨૧૫૯૫૫૨

૨) **હર્ષદ મુલજીભાઈ ધારિયા (દાઉદીયા)**
આશિષ હર્ષદ ધારિયા - હિમાંશુ હર્ષદ ધારિયા
બ્લોક નં. ૭૦૩, ૭ મે માળે, 'એફ' વીંગ નંદનવન,
૧૨૦, લીંક રોડ, વ્રજભૂમીની બાજુમાં,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૩૨૯૭૫૪૪૭ - મો. ૯૮૬૭૦૭૦૬૭૯,
૯૮૧૯૪૦૮૫૦૧,૯૩૨૨૦૩૩૬૫૫

૩) **સુથાર નરેન્દ્ર લાલશંકર**
૩૪, આવાસ કો.ઓ. હા.સો.લી.
પ્લોટ નં.-૨, સેકટર નં.-૩, કેસર રેસીડન્સીની પાછળ,
ચારકોપ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૬૭
ફોન:(ઘર) ૨૮૬૭૮૪૧૫ - મો.:૯૮૨૦૦૨૬૪૨૧

૪) **દીપક મણીલાલ મોદી (M.C.. Mody)**
૭૦૫, દોસ્તી એલાઈટ ટાવર 'એ',
સાયન ટેલીફોન એક્સચેઈન્જની બાજુમાં,
સાયન કોલીવાડા રોડ, સાયન (પુર્વ), મુંબઈ -૨૨
ફોન : ૨૪૫૪૦૭૦૩

૫) **વસંત નટવરલાલ દેસાઈ**
એ-૩૦૩, શત્રુજંય કો.ઓ.હા.સો.,
પટેલ નગર ક્રોસ રોડ, પટેલ નગર,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૨૮૬૩૮૨૬૮

૬) **સુરેન્દ્ર રમણલાલ દેસાઈ**
બી-૭૦૨, શીપકેસર, સેંટ ઝેવિયર્સ સ્કુલ રોડ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬
ફોન: ૨૬૧૧૬૭૦૩, મો. (હેતલ): ૯૮૨૧૦૩૪૭૬૨

૭) **Saurabh Paresh Parikh**
1214 Office Park Road,
Apt No. - 24,
West Des Moines
IA - 50265

## નવા ફોન નંબર

૧) **મનીષ ચંદ્રકાંત પરીખ**
**ઝરણા મનીષ પરીખ**
ઘર : ૨૮૯૩૯૩૮૪
મોબાઈલ : ૯૩૨૨૨૧૬૨૫૫

## તેજસ્વી તારલાં

- **પૂજા કૌશિક રેણાવાલા** બેચલર ઓફ ફીઝીયોથેરપીમાં ત્રીજા વર્ષમાં૭૨ ટકા સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

- **ઉર્વી ચંદ્રેશ કડકીઆ**ની પરીક્ષામાં ૮૪ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉમંર |
|---|---|
| પરીખ રસિકલાલ ભીખાલાલ (બખલી) | ૭૯ |
| પરીખ રસિકલાલ ચીમનલાલ (બખલી) | ૮૨ |
| દેસાઈ શાંતીલાલ મોજીલાલ | ૮૮ |
| પરીખ સાવિત્રીબેન ચીમનલાલ | ૭૭ |
| ગાંધી જયંતભાઈ બાબુલાલ | ૬૭ |
| પરીખ શાંતાબેન નટવરલાલ (જુનાગઢવાળા) | ૮૨ |

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**